૨ સાધુજીનાગુણ – ૬ પચમહાવ્રત તથા છઠ્ઠુ રાત્રિભોજન વ્રતપાળે ૬ છકાયની રક્ષા કરે ૬ પાચઇન્દ્રિય તથા છઠ્ઠો લોભ તેનો નિગ્રહ કરે ૧૯ ક્ષમા રાખે ૨૦ ભાવ વિશુદ્ધ ચિત્ત નિર્મળ રાખે ૨૧ બાહ્યઉપકરણાદિકનુ પડિલેહન ઉપયોગ સહિત કરે ૨૨ સયમ જોગને વિષે યુક્ત હોય ૨૩–૨૪–૨૫ મન–વચન–કાયા ને માઠા

કાર્યમા જતા રોકી રાખે ૨૬ શીતાદિક બાવિશ પરિસહ સહન કરે ૨૭ મરણાંત ઉપસર્ગ સહન કરે પરંતુ ધર્મ મુકે નહી

૩ કર્મબાધવાના કારણ ભુત ક્રિયાઓ – ૧ મે કર્યું ૨ મે કરાવ્યુ ૩ કરનારનુ ભલુ જાણ્યુ ૪ હુ કરૂછુ ૫ હુ કરાવુ છુ ૬ કરનાર ભલો જાણ્યો ૭ હુ કરીશ ૮ હુ કરાવીશ ૯ કરનારને ભલો જાણીશ એ નવ ભેદ –૧ મન–૨ વચન–૩ કાયાથી ૯×૩= ૨૭

૪ જીવોના દ્વાર – ૧ દિશા ૨ ગતિ ૩ ઇન્દ્રિય ૪ કાયા ૫ યોગ ૬ વેદ ૭ કષાય ૮ લેષ્યા ૯ સમ્યકત્વ ૧૦ જ્ઞાન ૧૧ દર્શન ૧૨ સયતિ ૧૩ ઉપયોગ ૧૪ આહાર ૧૫ ભાષક ૧૬ પરિત્ત ૧૭ પર્યાપ્ત ૧૮ સુક્ષ્મ ૧૯ સંજ્ઞી ભવિસદ્ધિક ૨૧ અસ્તિ ૨૨ ચરિત્ર ૨૩ જીવ ૨૪ ક્ષેત્ર ૨૫ બધ ૨૬ પુદ્ગલ ૨૭ મહાદડક.

[૨૮]

૧ લબ્ધી – ૧ અમોસહી (હાથના અડવાથી રોગ શાન્ત થાય) ૨ વિ૦વોસહી (લઘુનીતથી રોગ ઉપસમે) ૩ ખેલોસહી (શ્લેષ્મ ઔષધીરૂપ પરિણામે) ૪ જલોસહી (પસીનો ઔષધીરૂપ હોય) ૫ સ૦વોસહી (જેના શરીરથી ઉત્પન્ન થતી તમામ વસ્તુ ઔષધી રૂપ પરિણમે) ૬ સભિન્નશ્રોત (એક ઇન્દ્રિયથી પાચે ઇન્દ્રિના વિષય

ગ્રહણ કરે) ૭ અવધિ જ્ઞાનની ૮ મન પર્યંવ જ્ઞાનની ૯ જંઘા ચારણ-વિદ્યાચારણની ૧૦ આસીવિષ (અનુગ્રહ નિગ્રહ કરવામા સમર્થ) ૧૧ કેવળજ્ઞાનની ૧૨ ગણધરની ૧૩ ચૌદપુરવની ૧૪ અરિહંતની ૧૫ ચક્રવર્તીની ૧૬ બલદેવની ૧૭ વાસુદેવની ૧૮ ખીરાશ્રવ (ખીર સમાન વચન પરિણમે) ૧૯ સપીશ્રવ (ઘી સમાન વચન પરિણમે) ૨૦ મધુશ્રવ (મધ સમાન વચન પરિણમે) ૨૧ કૌષ્ટક બુદ્ધિ (કોઠારનુ ધાન નાશ પામે નહી) ૨૨ પદાનુસારીણી (એક પદનુ સાર સર્વ સુત્ર ભણી લીએ) ૨૩ બીજ બુદ્ધિ (બીજ માફક થોડુ ભણેલ બહુ પરિણમે) ૨૪ આહારક શરીરની ૨૫ તેજો લેષ્યાની ૨૬ પુલાક ૨૭ વૈક્રેય ૨૮ અક્ષીણ માણસીય (જેને અડે તે અખુટ થઇ જાય)

૨ તારાઓના સ્વામિ – ૧ અગ્ની ૨ પ્રજાપતિ ૩ સોમ ૪ રૂદ્ર ૫ અદિતી ૬ બૃહસ્પતિ ૭ સર્પિ ૮ પિતર ૯ ભગ ૧૦ અર્યમા ૧૧ સવિતા ૧૨ ત્વષ્ટા ૧૩ વાયુ ૧૪ ઇંદ્રાગ્ની ૧૫ મિત્ર ૧૬ ઇન્દ્ર ૧૭ નિર્કતિ ૧૮ આપ ૧૯ વિશ્વ ૨૦ બ્રહ્મા ૨૧ વિષ્ણુ ૨૨ વસુ ૨૩ વરૂણ ૨૪ અજ ૨૫ વિવૃદ્ધિ ૨૬ પૂષણ ૨૭ અશ્વિ ૨૮ યમ

[૨૯]

૧ પાપશ્રુત –૧ ભૌમશાસ્ત્ર ૨ ઉત્પાતશાસ્ત્ર ૩ શુભાશુભ ૪

અતરિક્ષ ૫ અગસ્ફુરણ ૬ સ્વર ૭ વ્યજન ૮ લક્ષણ-એ આઠ નિમિતશાસ્ત્રના ત્રણ ત્રણ ભેદ –1 સૂત્ર ૨ વૃત્તિ 3 વાર્તિક ૮×3=૨૪ ૨૫ વિકથા ૨૬ વિદ્યાનુયોગ ૨૭ મત્રાનુયોગ ૨૮ યોગાનુયોગ ૨૯ અન્યતિર્થંક પ્રવૃત્તાનુયોગ

૨ જ્ઞાનના પેટા ભેદ (૫ મતિજ્ઞાનના) ૧ વ્યજનાવગ્રહ ૨ અર્થવાગ્રહ ૩ ઇહા–વીચારણા ૪ અવાય–નિશ્ચય કરવુ ૫ ધારણા (૧૪ શ્રુતજ્ઞાનના) ૬ અક્ષર શ્રુત ૭ અન અક્ષર શ્રુત ૮ સજ્ઞી શ્રુત ૯ અસજ્ઞી શ્રુત ૧૦ સમ્યક્ શ્રુત ૧૧ મિથ્યા શ્રુત ૧૨ આદિ શ્રુત ૧૩ અનાદિ શ્રુત ૪સપર્યાવસ્તિત શ્રુત ૧૫ અપર્યાવસ્તિતશ્રુત ૧૬ ગમી શ્રુત ૧૭ આગમિક શ્રુત ૧૮ પ્રવિષ્ટ શ્રુત ૧૯ અગબાહેર શ્રુત (૬ અવધીજ્ઞાનના) ૨૦ અનુગામિક ૨૧ અનાનુગામિક ૨૨ વૃદ્ધમાન ૨૩ હાયમાન ૨૪ પ્રતિપાતી (પડવાઇ) ૨૫ અપ્રતિપાતી (૨ મન પર્યવજ્ઞાનના) ૨૬ ૠજુમતિ ૨૭ વિપુલમતિ (૨ કેવળજ્ઞાનના) ૨૮ ભવસ્થ કેવળ જ્ઞાન ૨૯ સિદ્ધ કેવળ જ્ઞાન

[૩૦]

૧ મહા મોહનીના ઠેકાણા – ૧ ત્રસજીવને પાણીમા બોળી મારે ૨ બાળકાદિકને મોઢે મુગો દઈ મારે ૩ બાળકાદિકને આળા–ચર્મ વીટીને મારે ૪ મુગદળ પ્રમુખ

માથામા મારે ૫ પરોપકારી–જે ઘણા જીવોનો આધાર હોય તેને મારે ૬ મોટા રાજાને હણે ૭ છતિ શક્તિએ કગાળ લોકોની સભાળ ન રાખે ૮ જે સાધુ શુદ્ધ ધર્મ માર્ગને વિષે લાગેલો હોય તેને તેથી બળાત્કારે ભ્રષ્ટ કરે ૯ જિન ધર્મનુ વાકુ બોલે ૧૦ જાત્યાદે મદે કરી આચાર્ય વગેરે ને ગાળો દે ૧૧ સુદ્ધ–સાધુને આહાર પાણી ન આપે ૧૨ ઘણા હથીયારો એકઠા કરે ૧૩ જ્ઞાનનો મારગ ન પાળે ૧૪ અધર્મી પ્રયોગ એટલે મત્ર જત્રાદિકની સાધના કરે ૧૫ ચારિત્ર લીધા પછી વિષયની વાછના કરે ૧૬ પોતે વિદ્વાન ન હોય છતા હુ બહુ વિદ્વાન છુ એવો ડોળ કરે ૧૭ તપસ્વી ન હોય ને કહે કે હુ તપસ્વી છુ ૧૮ ઘરમા ઘાલી કોઇને અગ્નિએ બાળે તથા ધુમાડાથી ગુગળાવે ૧૯ પોતે પાપ કરી બીજાને માથે નાખે ૨૦ કોઇનુ રહસ્ય ભર સભામા કહી દીએ ૨૧ હમેશા ક્રોધ તથા કલેશ કરે ૨૨ વિશ્વાસ ઘાત કરે ૨૩ કોઇ પુરૂષથી પ્રીતિ લગાડી તેની સ્ત્રીને ભોળવે ૨૪ પોતે કુવારો નથી છતા કુવારો છુ એમ કહે ૨૫ જેણે પોતાને ધન આદિકે વધાર્યો તેનુ માઠુ ચીંતવે ૨૬ બ્રહ્મચારી ન હોય ને કહે બ્રહ્મચારી છુ ૨૭ જેને પ્રતાપે લોકમા પ્રસિદ્ધ થયો તેની હાની કરે ૨૮ દેશની જેને શિર ચિતા છે તેને (દેશ ભક્તાને) હણે

૨૯ કાઈ દેખતો ન હોય તોપણ કપટે કરી કહે કે હુ જ્ઞાનમા દેવતાદિકને પ્રત્યક્ષ દેખુ છુ ૩૦ દેવને અવગણે

૨ એક અહોરાત્રિના ત્રીશ મુહુર્ત્ત –૧ રૌદ્ર ૨ શક્ત ૩ મિત્ર ૪ વાયુ ૫ સુપીત ૬ અભિચદ્ર ૭ માહેન્દ્ર ૮ પ્રલબ ૯ બ્રહ્મ ૧૦ સત્ય ૧૧ આનદ ૧૨ વિજય ૧૩ વિશ્વસેન ૧૪ પ્રજાપત્ય ૧૫ ઉમશામ ૧૬ ઇશાન ૧૭ નષ્ટ ૧૮ ભાવિતાત્મા ૧૯ વૈશ્રમણ ૨૦ વરૂણ ૨૧ શતરૂષભ ૨૨ ગધર્વ ૨૩ અગ્નિ–વૈસ્યાયન ૨૪ આતપ ૨૫ આવર્ત ૨૬ નષ્ટવાન ૨૭ ભૂમહાન ૨૮ રૂષભ ૨૯ સર્વાર્થસિદ્ધ ૩૦ રાક્ષસ

[૩૧]

૧ સિદ્ધના ગુણ –૫ મતિ–શ્રુત–અવધિ–મન પર્યવ–કેવળ જ્ઞાનાવરણનો ક્ષય ૪ ચક્ષુ–અચક્ષુ–અવધિ–કેવળ દર્શના - વરણનો ક્ષય ૧૦ નિદ્રાનો ક્ષય ૧૧ નિદ્રા નિદ્રાનો ક્ષય ૧૨ પ્રચલાનો ક્ષય ૧૩ પ્રચલા પ્રચલાનો ક્ષય ૧૪ સ્ત્યાનગૃદ્ધિ નિદ્રાનો ક્ષય ૧૫ સાતા વેદનીયનો ક્ષય ૧૬ અસાતા વેદનીયનો ક્ષય ૧૭ દર્શન મોહનીયનો ક્ષય ૧૮ ચારિત્ર મોહનીયનો ક્ષય ૧૯ નારકીના આયુષ્ય નો ક્ષય ૨૦ તિર્યચના આયુષ્યનો ક્ષય ૨૧ દેવતાના આયુષ્યનો ક્ષય ૨૨ મનુષ્યના આયુષ્યનો ક્ષય ૨૩ ઉચ ગોત્રનો ક્ષય ૨૪ નીચ ગોત્રનો ક્ષય ૨૫ શુભ

નામનો ક્ષય ૨૬ અશુભ નામનો ક્ષય ૨૭ દાનાંતરાયનો ક્ષય ૨૮ લાભાંતરાયનો ક્ષય ૨૯ ભોગાંતરાયનો ક્ષય ૩૦ ઉપભોગાંતરાયનો ક્ષય ૩૧ વીર્યાન્તરાયનો ક્ષય

[બીજે પ્રકારે]

(૫ સંઠાણ) ૧ પરિમંડળ ૨ વાટલો ૩ ત્રિકોણ ૪ ચોખુણ ૫ લાંબુ (૫ વર્ણ) ૬ કાળો ૭ લીલો ૮ રાતો ૯ પીળો ૧૦ ધોળો (૫ રસ) ૧૧ ખાટો ૧૨ મીઠો ૧૩ કડવો ૧૪ કષાયલો ૧૫ તીખો (૨ ગંધ) ૧૬ સુરભિગંધ ૧૭ દુરભિગંધ (૮ સ્પર્ષ) ૧૮ ખરખરો ૧૯ સુહાળો ૨૦ ઉનો ૨૧ ટાઢો ૨૨ હળવો ૨૩ ભારે ૨૪ લુખો ૨૫ ચોપડયો (૩ વેદ) ૨૬ સ્ત્રી વેદ ૨૭ પુરૂષવેદ ૨૮ નપુંસકવેદ (એમાંનુ સિદ્ધને કાંઈ નથી) ૨૯ અશરિરપણુ ૩૦ અસંગમપણુ ૩૧ આઠ કર્મ ખપાવ્યા છે

[૩૨]

૧ સુત્ર – ૧ (૧૧ અંગ) ૧ આચારાંગજી ૨ સૂયગડાંગજી ૩ ઠાણાંગજી ૪ સમવાયાંગજી ૫ વિવહાપન્નતી (ભગવતીજી) ૬ જ્ઞાતાજી ૭ ઉપાસક દશાંગજી ૮ અંતગઢદસાજી ૯ અનુતરોવવાઈ ૧૦ પ્રશ્ન વ્યાકરણજી ૧૧ વિપાકજી (૧૨ ઉપાંગ) ૧૨ ઉવવાયજી ૧૩ રાયપસેણી ૧૪ જીવાભિગમજી ૧૫ પન્નવણાજી ૧૬ જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ ૧૭ ચંદ્રપ્રજ્ઞપ્તિ ૧૮ સૂર્યપ્રજ્ઞપ્તિ ૧૯ નિરિયા

વલિકાજી ૨૦ કપ્પવડિસીયા ૨૧ પુપ્ફીયાજી ૨૨ પુપ્ફ ચુલીયાજી ૨૩ વન્હિદશાજી (૪ છેદ) ૨૪ વ્યવહાર ૨૫ વેદકલ્પ ૨૬ નશીત ૨૭ અનુયોગદ્વાર (૪ મુલ) ૨૮ દશ વૈકાલિક ૨૯ ઉત્તરાધ્યયન ૩૦ નદીસૂત્ર ૩૧ અનુયોગ દ્વાર ૩૨ આવસ્યક

૨ સામાયિકના દોષ – (૧૦ મનના) ૧ નિર વિવેકી મનથી કરે ૨ યશકીતિની ઇચ્છાથી કરે ૩ ધનના લાભ માટે કરે ૪ અભિમાનથી કરે ૫ ભયના આવેશમા કરે ૬ પુત્ર તથા ધનની લાલચથી કરે ૭ ફળના સદેહથી કરે ૮ અવિનયપણાય કરે ૯ દેવાદિકની રૂદ્ધિ પ્રાપ્ત કરવાની આશાએ કરે ૧૦ રોષ રાખી કરે (૧૦ વચનના) ૧૧ કુવચન એટલે નઠારા વચન બોલવાથી ૧૨ કોઇને ફાળ પડે તેવુ બોલવાથી ૧૩ ગમતનુ ગાયન કરવાથી ૧૪ પોતાના છીદ્ર છુપાવી પોતાની ઇચ્છા હોય તેવુ બોલવાથી ૧૫ સુત્ર પાઠ સબધી ખોટુ બોલવાથી ૧૬ કલેષ થાય તેવા વચન બોલવાથી ૧૭ ચાર વિકથાઓ કરવાથી ૧૮ હાશી–મશ્કરી કરવાથી ૧૯ ભાષાનુ સ્વરૂપ સમજ્યા વિના ઓછુ–અધિકુ વિપરીત બોલવાથી ૨૦ અવ્રતિને આવા–જાઓ–બેસો એમ બોલવાથી (૧૨ કાયાના) ૨૧ હાથની તથા લુગડાની પલાઠી વાળી બેસવાથી ૨૨ આસન આઘુ પાછુ ફેરવવાથી ૨૩ ચપળ પણે નજર ફેરવી

જોવાથી ૨૪ ઘરના પાપકારી કામ કરવાથી ૨૫ ભીંત અને થાભલાને ઓઠીંગણે બેસવાથી ૨૬ શરીર સકોચી ચપળતાઇ કરવાથી ૨૭ આળસ મરડવાથી અથવા ધર્મના કામમા આળસ કરવાથી ૨૮ ચપટી અથવા ટાચકા વગાડવાથી ૨૯ શરીરનો મેલ ઉતારવાથી ૩૦ વગર પુજે ખજવાળવાથી ૩૧ કોઇ પાસે શરીર ચપાવવાથી ૩૨ ઉઘવાથી

૩ અસઝાય (સુત્રની) – ૧ નજીકમા હાડકા પડયા હોય ૨ માશ પડયુ હોય ૩ લોહી પડયુ હોય ૪ વિષ્ટા પડી હોય ૫ સ્મશાન હોય ૬ ચદ્રગ્રહણ હોય ૭ સૂર્યગ્રહણ હોય ૮ મોટુ પ્રખ્યાત માણસ ગુજરી ગયુ હોય ૯ રાજ્યમા વિઘ્ન હોય ૧૦ નજીકમા પચેન્દ્રિ કલેવર હોય ૧૧ તારા ખર્યા હોય ૧૨ દીશા પડી હોય ૧૩ અકાલે ગાજવીજ થાય ૧૪ અકાલે વીજળી થાય ૧૫ અકાલે કડાકા થાય ૧૬ બીજના ચદ્રમાને દીચાર ઘડી ૧૭ આકાશમા નવિન ચીહ્ન થાય ૧૮ ધુમશ પડતી હોય ૧૯ ઠાર તથા ઝાકળ પડતી હોય ૨૦ ઘણો તોફાની પવન વાતો હોય ૨૧ અસાડ સુદ ૧૫ ૨૨ અસાડ વદ ૧ ૨૩ ભાદરવા સુદ ૧૫ ૨૪ ભાદરવા વદ ૧ ૨૫ કારતક સુદ ૧૫ ૨૬ કારતક વદ ૧ ૨૭ ચૈત્ર સુદ ૧૫ ૨૮ ચૈત્ર વદ ૧ ૨૯ પ્રભાતે બે ઘડી

(સુર્ય ઉગ્યા પછી) ૩૦ મધ્યાને બે ઘડી સુધી ૩૧ સાંજે બે ઘડી સુધી (સુર્યાસ્ત પછી) ૩૨ મધ્ય રાત્રે બે ઘડી સુધી

૪ ઉત્તમ લક્ષણ – ૧ છત્ર ૨ ધ્વજા ૩ જુગ ૪ સ્તુપ ૫ દામ (માળા) ૬ કમંડળ ૭ કળસ ૮ વાવી ૯ સ્વસ્તિક ૧૦ પતાકા ૧૧ ચવ ૧૨ મત્સ્ય ૧૩ કાછવા ૧૪ પ્રધાન રથ ૧૫ વજ્ર ૧૬ મકરધ્વજ ૧૭ વાલ ૧૮ અંકુશ ૧૯ અષ્ટપદ ૨૦ સુપ્રતિષ્ટક ૨૧ મયૂર ૨૨ અભિષેક યુક્ત લક્ષ્મી ૨૩ તોરણ ૨૪ પૃથ્વી ૨૫ સમુદ્ર ૨૬ ઉત્તમ ગૃહ ૨૭ પર્વત ૨૮ આરીસા ૨૯ લીલાવત ગજ ૩૦ વૃષભ ૩૧ સિંહ ૩૨ ચામર

[૩૩]

૧ આસાતના – ૧ દિક્ષા વૃદ્ધ સાધુની આગળ ચાલે તો ૨ દિક્ષા વૃદ્ધ સાધુની બરોબર ચાલે તો ૩ શિષ્ય ગુરૂની પાછળ અડીને ચાલે તો ૪ શિષ્ય ગુરૂની મોખરે ઉભો રહેતો ૫ શિષ્ય ગુરૂની બરોબર ઉભો રહેતો ૬ શિષ્ય ગુરૂને અડીને ઉભો રહેતો ૭ શિષ્ય ગુરૂની આગળ બેસેતો ૮ શિષ્ય ગુરૂની બરોબર બેસેતો ૯ શિષ્ય ગુરૂને અડીને બેસેતો ૧૦ શિષ્ય ગુરૂ બને સ્થંડિલ ભૂમિમા એક પાત્રમા પાણી લઇને ગયેલ હોય અને શિષ્ય પહેલે સુચી કરે તો ૧૧ ગુરૂ શિષ્ય

બને સાથે બાહેરથી આવ્યા હોય અને શિષ્ય ગુરૂથી પહેલા ઇર્યાવહી પ્રતીક્રમે તો ૧૨ ગુરૂના દર્શન માટે કોઇ આવે તેની સાથે શિષ્ય પ્રથમ વાર્તાલાપ કરેતો ૧૩ ગુરૂ પુછે કે કોણ સુતા છે, કોણ જાગે છે તેનો ઉત્તર જાગતા છતા ન આપે તો ૧૪ શિષ્ય અશનાદિ વહોરી લાવે તે પહેલા બીજા સાધુ પાસે આલોવે પછી ગુરૂની પાસે આલોવે તો ૧૫ શિષ્ય અશનાદિ લાવે તે પ્રથમ અન્ય સાધુને બતાવી પછી ગુરૂને બતાવે તો ૧૬ શિષ્ય અશનાદિ લાવી પ્રથમ બીજા સાધુને નિમંત્રણા કરે પછી ગુરૂને નિમંત્રે તો ૧૭ અશનાદિ ચારે આહાર લાવી ગુરૂને પુછયા વિના અન્ય કોઇને દીએતો ૧૮ શિષ્ય ગુરૂ બન્ને એક મંડલમા આહાર કરવા બેઠા હોય ત્યારે શિષ્ય મનોજ્ઞ–આહાર લીએતો ૧૯ શિષ્યને ગુરૂ બોલાવે–સુણતા થકા ઉત્તર ન દીએ તો ૨૦ ગુરૂ શિષ્યને બોલાવે તે વખત આસનપર બેઠા બેઠા ઉત્તર દીએતો ૨૧ ગુરૂ શિષ્યને બોલાવે તે વખત શુ કહો છો ? શુ કરો છો ? એમ ઉત્તર આપે તો ૨૨ ગુરૂ શિષ્યને કાંઇપણ ઉપદેશ દીએ ત્યારે શિષ્ય કહે કે તમે તે પ્રમાણે કરી લીઓ–એમ ઉત્તર આપેતો ૨૩ ગુરૂ શિષ્યને ઉપદેશ દીએ કે–જ્ઞાની, રોગી, તપસ્વી, વૃદ્ધ વગેરેની વૈયાવૃત્ય કરો તો તેનો

જવાબ દીએ કે તમે કરો–તો ૨૪ ગુરૂ ઉપદેશ દીએ ને ચીત્તની વ્યગ્રતા થાય તો શિષ્ય તેની અનુમોદના કરે તો ૨૫ ગુરૂ કથા–વાર્તા કરતા હોય તેમા કાઇ ભુલી ગયા હોય તે શિષ્ય કહે કે તમે ભુલી ગયા તો ૨૬ ગુરૂ ધર્મ કથા કરતા હોય તે શિષ્ય છેદે તો ૨૭ ગુરૂ સભામા ધર્મોપદેશ કરતા હોય ને ગોચરીનો સમય થઇ ગયો હોય ત્યારે પરિષદામા ભેદ કરે તો ૨૮ જે પરિષદામા ગુરૂએ ઉપદેશ દીધો હોય ત્યા તેનુ પુન વિસ્તારે શિષ્ય કરે તો ૨૯ ગુરૂ આદિના આસનને પગથી સઘટન કરે તો ૩૦ ગુરૂના આસનપર શિષ્ય બેસે તો ૩૧ શિષ્ય પોતાનુ આશન ગુરૂના આસનથી ઉચુ રાખે તો ૩૨ ગુરૂની બરોબર આસને શિષ્ય બેસે તો ૩૩ ગુરૂ શિષ્યને કાઇ પુછે તેનો ઉત્તર આસનપર બેઠા બેઠા દીએ તો

૨ ગતાગતના બોલ –(ગત–આગત કયાની ?)

૧ પહેલી નરક ૨ બીજી નરક ૩ ત્રીજી નરક ૪ ચોથી નરક ૫ પાચમી નરક ૬ છઠી નરક ૭ સાતમી નરક ૮ એકાવન જાતના દેવતા ૯ જ્યોતિષી તથા પહેલા દેવલોકમા ૧૦ બીજા દેવલોકમા ૧૧ પહેલા કિલ્બિષીમા ૧૨ ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધી ૧૩ નવમા દેવલોકથી સ્વાર્થ સિદ્ધ સુધી ૧૪

પૃથ્વી–પાણી–વનસ્પતિ ૧૫ તેઉ–વાઉ ૧૬ ત્રણ વિકલેન્દ્રિય ૧૭ અસન્ની તિર્યંચમા ૧૮ સન્ની તિર્યંચમા ૧૯ સમૂર્ચ્છિમ મનુષ્યમા ૨૦ સન્ની મનુષ્યમા ૨૧ અકર્મ ભૂમિમા ૨૨ છપન અતર દ્વિપમા ૨૩ તિર્થંકર દેવમા ૨૪ ચક્રવત્તિમા ૨૫ બળદેવમા ૨૬ વાસુદેવમા ૨૭ કેવળીમા ૨૮ સાધુમા ૨૯ શ્રાવકમા ૩૦ સમદ્રષ્ટિમા ૩૧ મિથ્યાતીમા ૩૨ સ્ત્રી વેદ અને પુરૂષ વેદમા ૩૩ નપુસક વેદમા

[૩૪]

૧ અતિશય – ૧ મસ્તક વગેરેના વાળ મર્યાદા ઉપ્રાત વધે નહી ૨ શરીરને રજમેલ લાગે નહી ૩ લોઇ અને માસ ગાયના દુધથી ઉજળા હોય અને મધુર હોય ૪ શ્વાસોશ્વાસની સુગધ પદ્મ કમળ બરોબર હોય ૫ પ્રભુનો આહાર અને વિહાર ચર્મ ચક્ષુવાળો દેખે નહી ૬ પ્રભુ વિહાર કરે ત્યારે તેની આગળ આગળ આકાશમા દેદીપ્યમાન ગણ ગણાટ શબ્દ કરતા ચક્ર ચાલે અને ભગવાન બીરાજે ત્યારે ઉભા રહે ૭ ભગવાનના મસ્તક ઉપરે આકાશમા ત્રણ છત્ર–લાબી લાબી મોતીઓની માળા માફક દેખાય ૮ પ્રભુની બને તરફ અતિ ઉજવલ રત્નજડિત દાડીવાળા ૬૪ જોટા ચમર ઢાળતા દેખાય ૯ પ્રભુ બિરાજે ત્યા મણી

રત્ન-સ્ફટિક જેવા નિર્મળ દેદીપ્યમાન સિંહાસન
અનેક રત્નોથી જડાયેલ, અંધકાર નાશ કરવાવાળી પાદ
પીઠીકા વાળુ પ્રભુથી ચાર આગળ નીચે દેખાય ૧૦
પ્રભુની આગળ ઘણી મોટી છોટી ધ્વજાના પરિવાર
સહીત અતિ ઉચી રત્ન સ્થંભ ઇંદ્ર ધ્વજા દેખાય ૧૧
અરિહંત ભગવાનની પાછળ શિખાની જગે શરદ ઋતુનુ
જાજવલ્યમાન સૂર્ય મંડળથી તે હુ સર્વથી બાર ગણા
અધિક તેજસ્વી પ્રભા મંડળ દેખાય ૧૨ જ્યા જ્યા
અરિહંત ભગવાન ઉભા રહે અથવા બિરાજે ત્યા ત્યા
અશોક વૃક્ષ ભગવતથી બાર ગણુ ઉચા દેખાય ૧૩
પ્રભુ જ્યા જ્યા વિચરે ત્યા ત્યા જમીન બરાબર ખાડા
ખડબા વગરની થઇ જાય ૧૪ બબુલાદિકના કાટા
ઉલટા થઇ જાય ૧૫ શીત કાળમા ઉષ્ણતા અને
ઉષ્ણકાળમા શીતળતા થઇ જાય-ૠતુ સર્વને સુખદાઇ
થાય ૧૬ જ્યા પ્રભુ બિરાજમાન થાય ત્યા ચોતરફ
એક જોજન સુધી શિતળ સુગધી વાયુ વાય, જેનાથી
અશુચીમય સર્વ વસ્તુ દુર થઇ જાય ૧૭ બારીક
બારીક સુગધી અચેત જળની એક જોજન પ્રમાણે
વૃષ્ટિ થાય જેનાથી ધુળ દબાઇ જાય ૧૮ ચોતરફ
દેવતાના વક્રેય બનાવેલ અચેત પચવર્ણો ફુલની ઢીચણ
સુધી એક જોજનમા વૃષ્ટિ થાય તેના સુખ ઉપર

અનેકીટ નીચે ગડે ૧૯ ખોટો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ નાશ પામે ૨૦ અને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પ્રાપ્ત થાય ૨૧ વ્યાખ્યાનમા ભગવાનના શબ્દો એક જોજન સુધી સર્વ પ્રાણી સાંભળી શકે અને સર્વને પ્રિય લાગે ૨૨ અર્ધ માગધી ભાષામા દેશના આપે ૨૩ ભગવંતની ભાષા સર્વ કોઈ મનુષ્ય-પશુ-પક્ષી પોતપોતાની ભાષામા સમજી શકે ૨૪ ભગવંતની દેશના સાંભળતા જાતિ વેર ભૂલી ભવાંતર વેર નાશ પામે ૨૫ અન્ય દર્શની અગર અન્યમતિ ભગવાનને દેખતા અભિમાન છોડી નમ્ર થઈ જાય ૨૬ વાદિ પ્રવાદિ વિવાદ કરવા ભગવાનની પાસે આવે પરંતુ ઉત્તર આપવામા અશક્ત થઈ જાય ૨૭ ભગવાન વિચરતા હોય તેની ચારે તરફ પચીસ જોજન સુધી ઉંદર-તીડ આદિનો ઉપદ્રવ ન થાય ૨૮ મરકી-પ્લેગ આદિ બીમારી ન હોય ૨૯ સ્વદેશના, રાજાના સૈન્યના ઉપદ્રવ ન થાય ૩૦ પરદેશના રાજાના સૈન્યના ઉપદ્રવ ન થાય ૩૧ અતિવૃષ્ટિ ન હોય ૩૨ અનાવૃષ્ટિ ન હોય ૩૩ દુકાળ ન પડે ૩૪ જ્યા તાડ-મહામારી-સ્વચક્ર પરચક્રના ભય હોય ત્યા ભગવાન પધારે તો તે સર્વ ઉપદ્રવનો નાશ થાય (૪ જન્મથી ૧૫ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી-૧૫ દેવતાના કરવાથી થાય)

[૩૫]

૧ માર્ગાનુસારિના ગુણો – ૧ ન્યાય સંપન્ન પૈસો ૨ શિષ્ટ પુરૂષના આચારનો પ્રશંસક હોય ૩ કુળ–શીળ સરખા હોય અને ગોત્ર ભિન્ન હોય તેની સાથે વિવાહ કરવો ૪ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કષ્ટના કારણરૂપ પાપોથી ડરતા રહેવુ ૫ પ્રસિદ્ધ દેશાચારનો આદર કરવો ૬ હલકાથી લઇને ઉત્તમ પુરૂષો સુધી કોઇની નિંદા ન કરવી ૭ જવા આવવાના અનેક બારણા રહિત ઘરવાળો ગૃહસ્થ સુખી રહે, અનેક દરવાજાના નિષેધથી પરિમિત બારણા વાળા ઘરમા રહેવાનો નિશ્ચય થાય છે ૮ ઉત્તમ આચારવાળા સત્પુરૂષની સાથે સંગતિ કરવી–નીચ પુરૂષોની સંગતિ કરવી નહીં ૯–૧૦ માત–પિતાને ત્રિસંધ્ય એટલે પ્રાતઃકાળ, મધ્યાન તથા સાંજના સમયે નમસ્કાર કરવો ૧૧ નિંદનીય કર્મમા પ્રવૃતિ કરવી નહીં ૧૨ ખર્ચ આવદાનીને અનુસાર કરવો ૧૩ પોષાક દ્રવ્યને અનુસરીને રાખવો ૧૪ બુદ્ધિના આઠ ગુણો સહિત ૧૫ હમેશા ધર્મ સાંભળવો ૧૬ અજીર્ણમા ભોજન નહીં કરવુ ૧૭ પ્રકૃતિને અનુકુળ આહાર લેવો ૧૮ ધર્મ–અર્થ–કામ રૂપ જે ત્રિવર્ગ તેની સાધના વિરોધરહિતપણે કરવી ૧૯ અતિથી–સાધુ અને દિનની યથાયોગ્ય ભક્તિ કરવી ૨૦ હમેશા આગ્રહ રહિત રહેવુ ૨૧ ગુણનો આદર

કરવો ૨૨ નિષિદ્ધ દેશ અને નિષિદ્ધ કાળની મર્યાદાનો ત્યાગ કરવો ૨૩ સ્વ-પરનુ બળ-અબળ જાણવુ ૨૪ વૃત્તિ પુરૂષો તથા જ્ઞાન વૃદ્ધ પુરૂષોની સેવા કરવી ૨૫ પોષણ કરવા લાયક જે માતા-પિતા-ભાઈ-બ્હેન-સ્ત્રી પુત્ર-પરિવારનુ પોષણ કરવુ ૨૬ અર્થ અનર્થનો વિચાર કરવો ૨૭ વિશેષ જાણવુ (વસ્તુ-અવસ્તુ, કૃત્ય-અકૃત્ય, આત્મા-પર તેમા શુ આતરૂ છે તે જાણવુ) ૨૮ કરેલ ગુણ કે ઉપકાર જાણવો ૨૯ પ્રમાણિક-લોકને વલ્લભ ૩૦ મર્યાદા વર્તિ ૩૧ દયાવાન ૩૨ શાન્ત સ્વભાવી ૩૩ પરોપકારમા દ્રઢ વીર્ય ૩૪ અતરગ જે છ શત્રુઓ (કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષ) તેઓના ત્યાગમા તત્પર ૩૫ જેણે ઇન્દ્રીયોનો સમૂહ વશ કરેલ છે તે પુરૂષ ગૃહસ્થ ધર્મને લાયક છે

૨ વાણી ગુણ – ૧ સસ્કાર યુક્ત બોલે ૨ ઉચ્ચ સ્વર બોલે ૩ હળવો બોલે ૪ ગભીર-ઉડા સ્વરથી બોલે ૫ દોષ રહિત બોલે ૬ રાગ સહિત બોલે ૭ શરલ વચન બોલે ૮ સૂત્ર થોડા-અર્થ વિસ્તારથી બોલે ૯ પૂર્વાપર વિરોધ રહિત બોલે ૧૦ અલગ-અલગ વચન સદેહ રહિત કહે ૧૧ શ્રોતાને સદેહ ન થાય ૧૨ અન્યવાદી દોષ લગાવી ન શકે ૧૩ શ્રોતાના મનહરે ૧૪ દેશ-કાલ ઉચિત બોલે ૧૫ વિસ્તાર કરે પરતુ આમિલતા કરે નહી ૧૬ જીવાદિ

તત્વ વિચાર યુક્ત કહે ૧૭ પદથી આગળ પદ સક્ષેપમા કહે ૧૮ વાતરૂપ- બાળક સમજે તેમ કહે ૧૯ અતિ શરલ-મધુર બોલે ૨૦ કોઈનો મર્મ પ્રકાશે નહી ૨૧ વિસ્તાર યુક્ત વસ્તુ પ્રકાશે ૨૨ અર્થ-ધર્મ સહિત વચન કહે ૨૩ પરનિંદા ત્યા પોતાની સ્તુતિ કરે નહીં ૨૪ મધ્યસ્થ વચન બોલે ૨૫ શબ્દ કારકલિંગ આદિ શુદ્ધ વચન બોલે ૨૬ શ્રોતાના ચિત્ત ચમત્કાર પામે ૨૭ બહુ જોરથી નહી તેમ બહુ ધીમેથી નહી એવુ બોલે ૨૮ રાગાદિ દુષણ રહિત બોલે ૨૯ ભ્રમ રહિત બોલે ૩૦ જે રીતીથી શરૂ કરે તેજ રીતીથી સક્રમે ૩૧ વચનાન્તરની અપેક્ષ વચન કહે ૩૨ અર્થ-પદ અલગ અલગ કહે ૩૩ સાત્વિક વચન કહે ૩૪ થાકે નહીં ૩૫ અવિચ્છિન્ન વચન કહે

[૩૬]

૧ આચાર્યજીના ગુણ - ૫ શ્રોતેન્દ્રિય-ચક્ષુ ઇન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય સ્પર્શેન્દ્રિય એ પચ ઇન્દ્રિયોને સવરનાર હોય ૯ નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર હોય ૪ ક્રોધ માન-માયા અને લોભ એ ચાર કષાયથી મુકાયેલા હોય ૫ પાચ મહાવ્રત કરી સહિત હોય ૫ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વિર્યાચાર એ પાચ આચાર સહિત હોય ૫ ઇર્યા, ભાષા,

એષણા, આદાનભંડમત્ત નિક્ષેપના અને ઉચ્ચાર પાસ વણ ખેલજલ–સંઘાણ પારિઠાવણિયા એ પાંચ સમિતિ સહિત હોય ૩ મન–વચન અને કાયા એ ત્રણ ગુપ્તિ સહિત વર્તનાર હોય=૩૬

[૪૦]

૧ મંત્ર વિદ્યા –૧સૌભાગ્ય બતાવવાની ૨ દૌર્ભાગ્ય બતાવવાની ૩ ગર્ભ ધારણ ૪ મોહની મંત્ર ૫ અનર્થ કરવાવાળી વિદ્યા ૬ ઇંદ્રજાળ ૭ દ્રવ્ય હોમ ૮ ધનુર્વિદ્યા ૯ ચંદ્ર ચરિત્ર ૧૦ સૂર્ય ચરિત્ર ૧૧ શુક્ર ચરિત્ર ૧૨ બૃહસ્પતિ ચરિત્ર ૧૩ ઉલ્કાપાત ૧૪ દિગ દાહ ૧૫ મૃગાદિક જીવના શુકન ૧૬ કાકાદિક પક્ષીના શબ્દ વિચાર ૧૭ ધૂલિની વૃષ્ટિ ૧૮ કેશવૃષ્ટિ ૧૯ માંસવૃષ્ટિ ૨૦ રક્તવૃષ્ટિ ૨૧ વૈતાલિક વિદ્યા ૨૨ અર્દ્ધ વૈતાલિક ૨૩ ઉસોવર્ણિ ૨૪ વિના કુંચીએ તાળુ ખોલવાની ૨૫ ચાંડાલણી ૨૬ શાબરી વિદ્યા ૨૭ દ્રાવિડી વિદ્યા ૨૮ કાલિંગી ૨૯ ગોરી ૩૦ ગાંધારી ૩૧ અવપાતિની ૩૨ ઉત્પાતિની ૩૩ જૃંભણી ૩૪ સ્તંભની ૩૫ શ્લેષની ૩૬ આમય કરણી ૩૭ વિશલ્ય કરણી ૩૮ પ્રક્રામિણી ૩૯ અદ્રશ્યકરણી ૪૦ આત્મણી

[૪૨]

૧ આહારાદિ ગ્રહણ કરવામાં લાગતા દોષો – (૧૬ ગૃહસ્થ

લગાવે તે) ૧ આધાકર્મી (સાધુ માટે નીપજાવે તે) ૨ ઉદ્દેશિક (સાધુને આપીશ એવા ઉદ્દેશથી નીપજાવે તે) ૩ પૂતિકર્મ (સાધુને માટે અગર પોતાને માટે અલગ નીપજાવે તે) ૪ મિશ્ર (પોતાને માટે તથા સાધુને માટે ભેગુ નીપજાવે તે) ૫ સ્થાપન (સાધુને દઈશ એમ કહી અલગ રાખે તે) ૬ પાહુરમ (સાધુના ભીક્ષાને દિવસે સાધુને સારો આહાર દીએ–મિજમાનોને જમાડે તે ૭ પાઉર (અંધારા સ્થાનમા અજવાળુ કરી દીએ તે ૮ કૃતગડ (ખરીદ કરી આપે તે) ૯ પામિચ્ચ (ઉધાર લાવી આપે તે) ૧૦ અભિહડ (સન્મુખ લાવી આપે તે) ૧૧ પરિયટ (અદલા–બદલા કરી દીએ તે) ૧૨ મુદ્રા (ઉખાડ કરી દીએ તે) ૧૩ માલોહડ (ઉપરથી નીચે લાવી આપે તે) ૧૪ અછીજ્જે (નિર્બળના હાથમાથી છીનવી આપે તે) ૧૫ અજ્ઝોયર (સાધુ આવ્યા જાણી વધારે નીપજાવી દીએ તે) ૧૬ અણિસિટ્ઠ (માલીકની આજ્ઞા વગર આપે તે) (૧૬ સાધુ લગાવે તે) ૧૭ ધાઇ (દાતારના બાળક રમાડી લીએ તે) ૧૮ દૂત (સમાચારની આપ લે કરી લીએ તે) ૧૯ નિમિત્ત (જ્યોતિષ પ્રકાશી લીએ તે) ૨૦ સ્વજીવિક (સબંધ બતાવી લીએ તે) ૨૧ વણિમગ (ભીખારિ માફક માગી લીએ તે) ૨૨ તિગિચ્છ (ઔષધોપચાર કરી લીએ તે) ૨૩ ક્રોધ (ક્રોધ કરીને

લીએ તે) ૨૪ માન (અભિમાન કરી લીએ તે) ૨૫ માયા (દગલબાજી કરી લીએ તે) ૨૬ લોભ (લાલચ કરી લીએ તે) ૨૭ સસ્તવ (દાન દીધા અગાઉ અગર પછી દાતારના ગુણાનુવાદ કરે તે) ૨૮ વિદ્યા (વશીકરણ વિદ્યા ચલાવી આપે તે) ૨૯ મત્ર (મત્ર કરી લીએ તે) ૩૦ ચૂર્ણ (પાચનાદિ ચૂર્ણ કરી લીએ તે) ૩૧ મૂલકર્મ (ગર્ભપાતન-સ્થભન કરી લીએ તે) ૩૨ યોગ (સૌભાગ્ય તથા પુત્રાદિ માટે સ્નાનાદિ કરાવી લીએ તે) (૧૦ સાધુ તથા ગૃહસ્થ બને લગાવે તે) ૩૩ શકિત (સાધુ તથા ગૃહસ્થ બનેને સુજતા અસુજતાની શકા હોય તે ગ્રહણ કરે તે) ૩૪ મકિખત (સચિત વસ્તુ પાણી આદિથી હાથભાજન (માખીની પાખ જેટલુ) ભર્યું હોય તે ગ્રહણ કરે તે) ૩૫ નિકિખત (સચિત વસ્તુપર અચિત વસ્તુ રાખી હોય તે) ૩૬ પડિત (અચિત વસ્તુપર સચિત વસ્તુ પરરાખી હોય તે) ૩૭ સાહુરિત (સચિત વસ્તુની વચમા અચિત વસ્તુ રાખી હોય તે) ૩૮ દાયક (અધ-પાગળુ-બહુવૃદ્ધ-છોટા બાળકના હાથથી લીએ તે) ૩૯ મિશ્ર (પુરૂ અચિત ન થયુ હોય તે લીએ તે) ૪૦ અપ્રણિત (શસ્ત્ર પૂર્ણ પરિણમા ન હોય તે) ૪૧ લિપ્ત [ગાર કરેલ પુરી સુકાણી ન હોય તે ઉપર ચાલી લીયે તથા વોરાવી હાથ-ભાજન સચિત પાણીથી ધોવે

તે] ૪૨ છડિત [ઢોળતા ઢોળાતા દીએ તે] [૧૬ ઉદ્દમન ૧૬ ઉત્પાત્ત ૧૦ એષણા]

[૪૬]

૧ આહારાદિ ગ્રહણ કરવામા લાગતા દોષો –
 ૪૨ અક બેતાલીશમા બતાવવામા આવેલ છે તે
 ૪૩ સંભોગ (મનોજ્ઞ વસ્તુનો સંયોગ મીલાવે તે)
 ૪૪ અપ્રમાણ (ક્ષુધા ઉપ્રાંત આહાર કરે તે)
 ૪૫ ઇગાલ (મનોજ્ઞ આહાર પ્રાપ્ત કરી આહારની તથા ગૃહસ્થની પ્રશંસા કરે તે)
 ૪૬ ધૂમ્ર (આહારની તથા ગૃહસ્થની નિંદા કરે તે)

[૪૭]

૧ આહારાદિ ગ્રહણ કરવામા લાગતા દોષો –
 ૪૬ અકે છેતાલીશમા બતાવવામા આવેલ છે તે
 ૪૭ ક્ષુધાદિ કારણ ઉત્પન્ન થયા વિના આહાર કરે તે

[૫૨]

૧ અનાચીર્ણ – ૧ સાધુને માટે આહાર બનાવી દેવો તે ૨ સાધુ માટે ખરીદ કરી દેવો તે ૩ દરરોજ એક ઘરેથી આહાર લીએ તે ૪ સાધુને ઉપાશ્રય આદિમા સામુ લાવી દીએ તે તે ગ્રહણ કરે તે ૫ રાત્રીએ ભોજન કરે તે ૬ દેશ સ્થાન (હાથપગ ધોવા) સર્વ-

સ્નાન (સર્વ શરીર ધોવુ) એ બે પ્રકારનુ સ્નાન કરે તે ૭ ચદનાદિ લગાવે તે ૮ ફુલની માળા પહેરે તે ૯ પખા આદિથી પવન નાખે તે ૧૦ ઘી–ગોળ આદિ રાત્રીએ રાખે તે ૧૧ ગૃહસ્થના ભાજનમા ભોજન કરે તે ૧૨ ચક્રવર્તી આદિ માટે બનેલો આહાર લીએ તે ૧૩ દાનશાળા દિક માટે બનાવેલો આહાર લીએ તે ૧૪ તેલાદિકના મર્દન વગર કારણે કરે તે ૧૫ આગળી આદિથી દાત સાફ કરે તે ૧૬ અસયતિ (ગૃહસ્થ) ને કુશળ ક્ષેમ પુછે તે ૧૭ અરિસા તથા પાણીમા પોતાનુ મુખ દેખે તે ૧૮ જુગાર ખેલવે તે ૧૯ શેત્રજ આદિ રમત રમે તે ૨૦ શિરપર છત્ર વિના કારણ ધારણ કરે તે ૨૧ ચિકિત્સા કરે તે ૨૨ પગમા પગરખા આદિ પેરવા તે ૨૩ અગ્નિનો સમારભ કરવો તે ૨૪ જેની આજ્ઞાથી મકાનમા રહ્યા હોય તેના ઘરનો આહાર પાણી લીએ તે ૨૫ ખાટ પ્રમુખ પર બેસવુ તે ૨૬ રોગ–તપશ્ચર્યા–વૃદ્ધાવસ્થા–અશક્ત સિવાય અન્ય ગૃહસ્થને ઘરે બેસે તે ૨૭ શરીરને પીઠી આદિ મર્જન કરે તે ૨૮ ગૃહસ્થની વૈયા વૃત્ય કરે અગર ગૃહસ્થ પાસે વૈયા વૃત્ય કરાવે તે ૨૯ જ્ઞાતિ સબધ મેળવી આજીવિકા કરે તે ૩૦ જે વાસણમા પાણી ઉનુ થતુ હોય તે વાસણ ઉપર–નીચે અને વચમા ગરમ થયા સિવાય ગરમ જાણી

લેવુ અગર પીવુ તે ૩૧ ક્ષુધા રોગથી પીડિત કુટુંબનુ સ્મરણ કરવુ અગર તેનો આશ્રય લેવો તે ૩૨ મુલા ૩૩ અદરખ ૩૪ ઇક્ષુખન્ડ ૩૫ સુરણાદિ કંદ ૩૬ મૂલ જડી ૩૭ સચિતફળ ૩૮ સચિતબીજ ૩૯ સચલ ૪૦ સૈન્ધવ ૪૧ લવણ ૪૨ રોમદેશનુ લવણ ૪૩ સમુદ્ર-લવણ ૪૪ પાશુક્ષાર ૪૫ કાળુ લવણ (નં ૩૨ થી ૪૫ સુધીની સચેત વસ્તુ ગ્રહણ કરવી તે) ૪૬ ધુપ દેવો તે ૪૭ જાણુ જોઈ ઉલટી કરવી તે ૪૮ ગુહ્ય સ્થાનની શોભા કરવી તે ૪૯ વિના કારણ જુલાબ લેવો તે ૫૦ શરીરની શોભા માટે કાજળ કે સુરમો આજવો તે ૫૧ દાતણ કરવુ તે ૫૨ શરીરની શોભા કરવી તે

[૫૩]

૧ જ્ઞાનના ભેદ – (૨૮ મતિ જ્ઞાનના ભેદ) ૧ શ્રોતિન્દ્રયના અવગ્રહશબ્દ ગ્રહણ કરે ૨ શ્રોતેન્દ્રિયના ઇહાગ્રહણ કરી શબ્દનો વિચાર કરે ૩ શ્રોતેન્દ્રિયના અવાય–વિચાર કરી નિશ્ચય કરે ૪ શ્રોતેન્દ્રિયની ધારણાથી શબ્દને સંખ્યાત કાલ સુધી ભુલે નહીં ૫–૬–૭–૮ ચક્ષુ ઇન્દ્રિયના–એ પ્રમાણે ચાર ૯–૧૦ ૧૧–૧૨ ઘ્રાણેન્દ્રિયના–એ પ્રમાણે ચાર ૧૩–૧૪–૧૫–૧૬ રસેન્દ્રિયના–એ પ્રમાણે ચાર ૧૭–૧૮–૧૯–૨૦ સ્પર્શેન્દ્રિયના–એ પ્રમાણે ચાર ૨૧–

૨૨-૨૩-૨૪ મનના-એ પ્રમાણે ચાર ૨૫ ઉત્પાતિયા ૨૬ વિનીયા ૨૭ કર્મીયા ૨૮ પરિણામીયા (૧૪ શ્રુત જ્ઞાનના ભેદ) ૨૯ અક્ષર શ્રુત ૩૦ અનક્ષર શ્રુત ૩૧ સજ્ઞી શ્રુત ૩૨ અસજ્ઞી શ્રુત ૩૩ સમ્યક્ શ્રુત ૩૪ મિથ્યા શ્રુત ૩૫ આદિ શ્રુત ૩૬ અનાદિ શ્રુત ૩૭ સપર્જીવ શ્રુત ૩૮ અપર્જીવ શ્રત ૩૯ ગમી શ્રુત ૪૦ અગમી શ્રુત ૪૧ અગ પ્રવિષ્ટ શ્રુત ૪૨ અગ બાહીર શ્રુત (૮ અવધી જ્ઞાનના ભેદ) ૪૩ ભવપૃથક ૪૪ ક્ષયોપશમ પૃથક ૪૫ દેશથી ૪૬ સર્વથી ૪૭ અનુગામી ૪૮ અનતગામી ૪૯ પડવાઇ ૫૦ અપડવાઇ (૨ મન પર્યવજ્ઞાનના ભેદ) ૫૧ રૂજ્જુમતિ ૫૨ વિપુલમતિ (૧ કેવળ જ્ઞાનનો ભેદ) ૫૩ કેવળ જ્ઞાન

૨ સમયનુ કોષ્ટક – ૧ સમય (દ્વિવિભાગ ન થઇ શકે તેને સમય કહે) ૨ આવલિકા (અસખ્યાતા સમયને) ૩ શ્વાસોશ્વાસ (૩૭૭૩ આવલિકાના) ૪ સ્તોક (સાત શ્વાસોશ્વાસના) ૫ લવ (સાત સ્તોકના) ૬ મુહુર્ત (સાત લવના) ૭ અહોરાત્રી (ત્રીશ મુહુર્તની) ૮ પક્ષ (૫દર અહોરાત્રીનો) ૯ માસ (બે પક્ષનો) ૧૦ રૂતુ (બેમાસની) ૧૧ અયન (ત્રણરૂતુના) ૧૨ સવત્સર (બે અયનનો) ૧૩ યુગ (પાચ સવત્સરનો) ૧૪ શત વર્ષ (વીશયુગના) ૧૫ હજાર વર્ષ (દસ સો વર્ષ)

૧૬ લાખ વર્ષ (શત હજાર વર્ષ) ૧૭ પૂર્વાંગ (ચૌરાશી લક્ષ વર્ષના) ૧૮ પૂર્વ (ચૌરાશી લાખ પૂર્વાંગના) ૧૯ ત્રુહિતાગ (ચૌરાશી લાખ પૂર્વના) ૨૦ ત્રુહિત (ચૌરાશી લાખ ત્રુહિતાગના) ૨૧ અડડાગ (ચૌરાશી લાખ ત્રુહિતના) ૨૨ અડડ (ચૌરાશી લાખ અડડાગના) ૨૩ અવવાગ (ચોરાશી લાખ અડડના) ૨૪ અવવ (ચારાશી લાખ અવાગના) ૨૫ હુહુ તાગ (ચોરાશી લાખ અવવના) ૨૬ હુહુત [ચૌરાશી લાખ હુહુ તાગના] ૨૭ ઉમ્લાગ[ચૌરાશી લાખ હુહુ તના] [૨૮ ઉમ્લલ [ચોરાશી લાખ ઉમ્લાગના] ૨૯ પદ્માગ [ચોરાશી લાખ ઉમ્લલના] ૩૦ પદ્મ [ચોરાશી લાખ પદ્માગના] ૩૧ નાલનાગ [ચોરાશી લાખ પદ્મના] ૩૨ નલિન [ચોરાશી લાખ નાલનાગના] ૩૩ અસ્તિની પુરાગ (ચોરાશી લાખ નલિનના) ૩૪ અસ્તિનિપુર (ચોરાશી લાખ અસ્તિનિ પુરાગના) ૩૫ અચુતાગ (ચોરાશી લાખ અસ્તિની પુરના) ૩૬ અચુત (ચોરાશી લાખ અચુતાગના) ૩૭ નચુતાગ (ચોરાશી લાખ અચુતના) ૩૮ નચુત (ચો ાશી લાખ નચુતાગના ૩૯ પઉમાગ (ચોગશી લાખ નચુતના) ૪૦ પઉમ (ચોરાશી લાખ પઉમાગના) ૪૧ ચૂલિઆગ (ચોરાશી લાખ પઉમના) ૪૨ ચુલિઅ (ચોરાશી લાખ

ચૂલિઆગના) ૪૩ શીર્ષ પ્રહેલિતાગ (ચોરાશી લાખ ચુલિઅના) ૪૪ શીર્ષ પ્રહેલિત (ચોરાશી લાખ શીર્ષ પ્રહેલિતાગના) (ઇહા સુધી સખ્યાત-ત્યાર પછી –) ૪૫ પલ્યોપમ (અસખ્યાત વર્ષના) ૪૬ સાગરોપમ (દશ ક્રોડા ક્રોડ પલ્યોપમના) ૪૭ ઉત્સર્પિણી (કાળ દશ ક્રોડા ક્રોડ સાગરોપમના) ૪૮ અવસર્પિણી કાળ (દશ ક્રોડા ક્રોડ સાગરોપમના) ૪૯ કાલચક્ર (વીશ ક્રોડા ક્રોડ સાગરોપમના) ૫૦ પુદ્દગલ પરાવર્ત (અનત કાલચક્રના) ૫૧ અતીત કાલ (અનત પુદ્દગલ પરાવર્તના) ૫૨ અનાગત કાલ (અનત પુદ્દગલ પરાવર્તના ૫૩ સર્વકાલ (અનત અતીતકાલ–અનત અનાગતકાલના)

[૫૪]

૧ ભરત–એરવત ક્ષેત્રમા અકેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમા ચોપન–ચોપન ઉત્તમ પુરૂષ થયા છે–થાય છે અને થશે તે – ૨૪ તિર્થકર ૧૨ ચક્રવર્ત્તિ ૯ બળદેવ ૯ વાસુદેવ

[૫૬]

૧ અતરદ્વિપ – (ભરત ક્ષેત્રની મર્યાદા કરવાવાળા ચુલહિમવત પર્વતની બે બાજુ હાથીદાતની માફક બબે દાઢા છે એટલે ૨×૨=૪ દાઢા થઇ–અકેક ઉપર સાત અતરદ્વીપ છે તે પ્રમાણે ૨૮)

૪ પ્રથમ ચોક – ૧ એકોરૂક ૨ આભાસિક ૩ વૈશાણિક
૪ નગોલિક

૪ બીજો ચોક – ૧ હયકર્ણ ૨ ગયકર્ણ ૩ ગોકર્ણ
૪ સકુલીકર્ણ

૪ ત્રીજો ચોક – ૧ આદશમુખ ૨ મેષમુખ ૩ અજામુખ
૪ ગોમુખ

૪ ચોથો ચોક – ૧ અશ્વમુખ ૨ હસ્તિમુખ ૩ સિંહમુખ
૪ વ્યાઘ્રમુખ

૪ પાચમો ચોક – ૧ અશ્વકર્ણ ૨ સિંહકર્ણ ૩ અકર્ણ
૪ કર્ણપ્રાવર્ણ

૪ છઠ્ઠો ચોક – ૧ ઉલ્કામુખ ૨ મઘમુખ ૩ વિધુન્મુખ
૪ વિદ્યુતમુખ

૪ સાતમો ચોક – ૧ ઘનદત ૨ લષ્ઠદત ૩ ગુઢદત
૪ શુદ્ધદત

(ઇરવત ક્ષેત્રની મર્યાદા કરવાવાળા શિખરી પર્વતની બે બાજુ હાથીદાતની માફક બબે દાઢા છે એટલે ૨×૨=૪ દાઢા થઇ અકેક ઉપર સાત અતરદ્વિપ છે તે પ્રમાણે ૨૮)
૨૮ વિગત ઉપર ભરત ક્ષેત્રમા બતાવ્યા પ્રમાણે

૫૬

[૭૦]

૧ ચરણસિતરીના ૭૦ ગુણ –૫ મહાવ્રત ૧૦ યતિધર્મ ૧૭ સચમ ૧૦ વૈયાવચ્ચ ૯ (વાડ) બ્રહ્મચર્ય ૧૨ તપ ૩ જ્ઞાનાદિ ત્રિરત્ન ૪ કષાયનો નિગ્રહ = ૭૦

૨ કરણસિતરીના ૭૦ ગુણ –૪ પિંડવિશુદ્ધિ ૫ સમીતિ ૧૨ ભાવના ૫ ઇન્દ્રિયનિગ્રહ ૨૫ પ્રતિલેખણા ૩ ગુપ્તિ ૪ અવિગ્રહ ૧૨ ભિક્ષુપ્રતિમા =૭૦

(૭૨)

૧ કળા – ૧ લખવાની ૨ ગણવાની ૩ રૂપપરાવર્ત કરવાની ૪ નાટકની ૫ ગાયનની ૬ વાજીત્ર વગાડવાની ૭ સ્વર ઓળખવાની ૮ વાજીત્ર–ગતકળા જાણવાની ૯ સમાનતાલ જાણવાની ૧૦ જુગાર ખેલવાની ૧૧ પાસા નાખવાની ૧૨ વાદવિવાદ કરવાની ૧૩ ચોપટ ખેલવાની ૧૪ નગર રક્ષાદિ કાર્યની ૧૫ પાણી અને માટીના સયોગથી ચીજો બનાવવાની ૧૬ અન્ન નિપજાવવાની–પકાવવાની ૧૭ પાણી ઉત્પન્ન કરવુ–સસ્કારથી શુદ્ધ કરવુ ન ગરમ કરવાની ૧૮ વસ્ત્ર તૈયાર કરવા–શીવવાને પહેરવાની ૧૯ શરિરમા તેલ લગાડવાની વિધીની ૨૦ શૈય્યામા સુવાની ૨૧ સસ્કૃત જેવી આર્ય ભાષા બોલવાની ૨૨ પ્રહેલિકા બધનની ૨૩ મગધ દેશ સબધી ભાષાનીગાથા બાધવાની ૨૪ પદ્મનીઆદિ સ્ત્રીના લક્ષણ જાણવાની ૨૫ પ્રાકૃતમા ગાથા કરવાની ૨૬ ગીત બનાવવાની ૨૭ બત્રીશ અક્ષરવાળા શ્લોક કરવાની ૨૮ રૂપા–ચાદી બનાવવાની ૨૯ સુવર્ણ બનાવવાની ૩૦ ચુરણ–ગુલાલ–અબીલ બનાવવાની ૩૧ આભૂષણ ઘડવા–જડવા અને પહેરવાની ૩૨ તરૂણીના સેવનની ૩૩ પુરૂષના લક્ષણ

જાણવાની ૩૪ ઘોડાના લક્ષણ જાણવાની ૩૫ હાથીના લક્ષણ જાણવાની ૩૬ ગો-વૃષભના લક્ષણ જાણવાની ૩૭ મૃગના લક્ષણ જાણવાની ૩૮ છત્રના લક્ષણ જાણવાની ૩૯ દંડના લક્ષણ જાણવાની ૪૦ અસિ-ખડગના લક્ષણ જાણવાની ૪૧ ચન્દ્રકાન્તાદિ મણિના લક્ષણ જાણવાની ૪૨ કાગણી રત્નના લક્ષણ જાણવાની ૪૩ વાસ્તુવિદ્યા-દુકાન પ્રમુખ ચણવાની, ૪૪ કટક ઉતારવાની ૪૫ નગર વસાવવાની ૪૬ યુદ્ધની રચના કરવાની ૪૭ પ્રતિવ્યુહ-સન્મુખ કટક રાખવાની ૪૮ કટક ચડવાની ૪૯ ચક્રકારવ્યુહ રચવાની ૫૦ કટક પ્રતિચાર કરવાની ૫૧ ગરૂડાકારવ્યુહ રચવાની ૫૨ શકટાકારવ્યુહ રચવાની ૫૩ સામાન્ય યુદ્ધ કરવાની ૫૪ યુદ્ધ સમાવવાની ૫૫ અભિનવ યુદ્ધ કરવાની ૫૬ હડીયોના યુદ્ધની ૫૭ મુષ્ટિના યુદ્ધની ૫૮ બાહુના યુદ્ધની ૫૯ લત્તાના યુદ્ધની ૬૦ થોડાનુ જાજુ અને જાજાનુ થોડુ બતાવવાની ૬૧ આહાર બનાવવાની-વસ્તુ મીલાવવાની-તેનુ પ્રમાણ જાણવાની ૬૨ ધનુષ્ય બાણ ચલાવવાની ૬૩ હિરણ્ય રૂપાના પાક બનાવવાની ૬૪ સુવર્ણ પાક બનાવવાની ૬૫ સૂત્ર છેદવાની ૬૬ ખેતર ખેડી-ખેતી કરવાની ૬૭ કમલાદિ નાલી છેદવાની ૬૮ પત્ર છેદવાની ૬૯ કડે કુંડલાકાર છેદન કરવાની ૭૦ મુર્ચ્છિતને શુદ્ધિ-

મા લાવવાની ૭૧ જીતને મારવાની ૭૨ કાકાદિના શકુન દેખવાની

(૭૩)

૧ સમ્ય ક્ત્વ પ્રાપ્ત કરવાના બોલ —મોક્ષ પ્રપ્તિની અભિલાષા કર (સવેગ વૈરાગ્ય) ૨ વિષય વાન્છનાથી નિવૃત્તિ કર (નિર્વેગ) ૩ ધર્મ કરવાની શ્રદ્ધા—આસ્થા કર ૪ ગુરૂ—સ્વધર્મીઓની સેવા કર ૫ પાપની આલોચના કર ૬ આત્મ દોષોની આત્માથી નિંદા કર ૭ ગુરૂ આદિ સમીપ—કરેલ પાપની સત્ય વાત કર ૮ સામાયિક—સાવદ્ય જોગની કિવૃત્તિ કર ૯ ૨૪ તિર્થંકરની સ્તુતિ (લોગસ્સ) કર ૧૦ ગુરૂને દ્વાદશ વૃત વદના કર ૧૧ પાપની નિવૃતી રૂપ—પ્રતિ ક્રમણ કર ૧૨ કાર્યુત્સર્ગ કર ૧૩ નવકારસી આદિના પ્રત્યાખ્યાન કર ૧૪ સ્તુતિ થુઇ મ ગલ (નમુત્થણુ) કર ૧૫ સ્વધ્યાયાદિ સાધુની ક્રિયાકાલની પ્રતિ લેખના કર ૧૬ પ્રાયશ્ચિત લઇ પાપને વિશુદ્ધ કર ૧૭ સમત-ક્ષામનાથી વૈરની ઉપશમા કર ૧૮ શાસ્ત્ર પાઠની સ્વાધ્યાય કર ૧૯ શાસ્ત્ર વાચન કર ૨૦ સુત્રાથના નિર્ણાયાથ પશ્ન પુછી ને કર ૨૨ ગ્રહણ કરેલ જ્ઞાનની બરોબર પરિચટના કર ૨૨ સુત્રાર્થના ચિંતવન કર ૨૩ ધર્મ કથા કર ૨૪ શાસ્ત્રાર્થની આરાધના કર ૨૫ એકાગ્ર—શુદ્ધ મનની સ્થાપના કર ૨૬ સત્તર પ્રકારે

સયમનુ પાલન કર ૨૭ દ્વાદશ પ્રકારના તપ કર ૨૮ કર્મ નિકન્દનના ઉપાય કર ૨૯ સુખ સેલિયા પણાનો ત્યાગ કર ૩૦ અપ્રતિબન્ધ પ્રવૃતિ કર ૩૧ સ્રી–પશુ–નપુસક રહિત સ્થાનકનુ સેવન કર ૩૨ વિશેષ પ્રકારે નિવૃતિ ભાવ કર ૩૩ અન્ય સાધુઓની સાથ આહાર આદિ સવિભાગ ગ્રહુણુ કરવાનો ત્યાગ કર ૩૪ ઉપકરણુ –ઉપાધીનો ત્યાગ કર ૩૫ આહારનો ત્યાગ કર ૩૬ કષાયનો ત્યાગ કર ૩૭ યોગ પ્રવૃતિનો ત્યાગ કર ૩૮ શરીરની શુશ્રૃષાનો ત્યાગ કર ૩૯ સખાઈ (ચેલા) કરવાનુ ત્યાગ કર ૪૦ આહાર માત્રનુ પ્રત્યાખ્યાન (સથારો) કર ૪૧ પોતાના ખોટા સ્વભાવનો ત્યાગ કર ૪૨ જે પ્રકારનો સાધુનો વેષ છે તે પ્રકારના સાધુના ગુણુથી યુક્ત થા ૪૩ વૈયાવચ્ચ કર ૪૪ જ્ઞાનાદિ સર્વ ગુણુ સપન્ન થા ૪૫ રાગ દ્વેષ રહિત–મધ્યસ્થા વર્તી રાખ ૪૬ ક્ષમા કર ૪૭ લોભ રહિત થા ૪૮ અભિમાન રહિત રહે ૪૯ સરલતા નિષ્કપટ વર્તી રહે ૫૦ ભાવ સત્યતા–અતકરણુની શુદ્ધ વૃતિ રાખ ૫૧ કરણુ સત્ય –શાસ્રોક્ત વિધી પ્રમાણે લેખનાદિ ક્રિયા કર ૫૨ જોગ સત્યતા– મન વચન કાયાના શુદ્ધ યોગ પ્રવર્તાવ ૫૩ મનને ગોપવ ૫૪ વચનને ગોપવ ૫૫ કાયાને ગોપવ ૫૬ મનને શુદ્ધ વિચારમા સ્થાપ ૫૭

વચનને શુદ્ધ ઉચારમા સ્થાપ ૫૮ કાયાને શુદ્ધ ચારમા સ્થાપ ૫૯ સુત્રાદિ જ્ઞાન યુક્ત થા ૬૦ ક્ષાયિકાદિ સમ્યકત્વ યુકત થા ૬૧ સામાયિકાદિ ચારિત્ર યુકત થા ૬૨ કાનનો નિગ્રહ કર ૬૩ આખનો નિગ્રહ કર ૬૪ નાકનો નિગ્રહ કર ૬૫ જીંહ્વાનો નિગ્રહ કર ૬૬ કાયાનો નિગ્રહ કર ૬૭ ક્રોધનો જય કર ૬૮ કામનો જય કર ૬૯ માનનો જય કર ૭૦ લોભનો જય કર ૭૧ રાગ દ્વેષ–મિથ્યાત્વનો જયકર ૭૨ મનસાદિ ત્રિયોગના નિરૂધન કરી શૈલેસી અવસ્થાનેપ્રાપ્ત કર ૭૩ સર્વ કર્માંશ રહિત થઇ મોક્ષ પ્રાપ્ત કર

(૭૫)

૧ શ્રાવકના બાર વૃતના અતિચાર –(૫ પહેલાવૃતના) ૧ કોઇ પણ ત્રશ જીવને દ્વેશ બુદ્ધિથી ગાઢે બધને બાધવા નહી ૨ નિર્દય બુદ્ધિએ માર મારવો નહી ૩ નિર્દય બુદ્ધિએ અગ–ઉપાગ છેદવા–છેદાવવા નહી ૪ આગવાની શક્તિ ઉપ્રાત ભાર ભરવો નહી ૫ કોઇને ભાત–પાણીનો અતરાઇ પાડવો નહીં તેમ કોઇની આજીવિકા તોડવી નહીં (૫ બીજા વૃતના) ૬ ખબર વગર એકાએક કોઇના ઉપર આળ ચઢાવવુ નહી ૭ કોઇની ખાનગી વાત ફેલાવવી નહી ૮ કોઇ સ્ત્રી–પુરૂષની મર્મભેદક એબો ખુલ્લી કરવી નહીં ૯ કોઇને જાણી બુઝી ખોટો ઉપદેશ કે ખોટી

સલાહ આપવી નહીં ૧૦ ખોટાલેખ, ખોટાખત–પત્ર કે ખોટુ નામુ લખવુ નહી (૫ ત્રીજાવ્રતના) ૧૧ ચોરેલી ચીજ જાણી બુજી રાખવી–રખાવવી નહી ૧૨ ચોરને ચોરી કરવ મા મદદગાર થવુ નહી ૧૩ રાજયના કાયદા વિરૂદ્ધ ગુન્હાહિત કામ કરવુ નહી ૧૪ તોલા, માપ પ્રમુખ જાણીને ઓછા અદકા રાખવા નહીં ૧૫ ભેળ-સભેળ કરી–એક પ્રકારની વસ્તુ બતાવવી સર્વથા બીજા પ્રકારની આપવી નહી (૫ ચોથાવ્રતના) ૧૬ વિવાહિત પણ કાચી ઉમરની સ્ત્રી કે ભર્ત્તાર સથે ગમન કરવુ નહી ૧૭ સગપણ કરેલ પણ વિવાહ થયેલ નથી તેવી સ્ત્રી કે ભર્ત્તાર સાથે ગમન કરવુ નહીં ૧૮ અનેરે અગે કામ કુચેષ્ટા ક્રીડા કરવી નહી ૧૯ કુટુબ તથા લાગતા વળગતા મિત્ર સિવાયના વિવાહ–સગપણ જોડવા નહી, તેની દલાલી કરવી નહી ૨૦ કામભોગની તીવ્ર અભિલાષા થાય તેવા પદાર્થો સેવવા નહી (૫ પાચમાવ્રતના) ૨૧ ઉઘાડી અને ઢાકી જમીનની બાધેલી હદ પુરી થયા પછી બે મકાનોને એકરૂપ કરી ગણત્રીમા ગોલમાલ કરવી નહીં ૨૨ સોનારૂપાની હદ બાધી છે તે પુરી થયા પછી ન્હાના દાગીના મોટા બનાવી ગણત્રીમા ન્યુનાધીકતા કરવી નહી ૨૩ ધનધાન્યની હદ પુરી થયા પછી બીજાને નામે પસા ચઢાવવા નહી તેમ ધન્યાદિનો

સોદો કરી બીજાને ત્યા કલ્પી રાખવુ નહી ૨૪ દ્વિપદ, ચતુષ્પદની હદ થઇ રહ્યા પછી બીજાને નામે કલ્પી રાખવા નહી તેમ ગણત્રીમા ફેરફાર કરવો નહી ૨૫ ઘર વખરીની હદ પુરી થયા પછી વસ્તુઓની કીમત ઓછી કલ્પી મર્યાદાનુ ઉલ્લઘન કરવુ નહી (૫ છઠાવ્રતના) ઉર્દ્ધ્વ દિશાએ પ્રમાણ ઉપરાત જવુ નહિ ૨૭ નીચે પ્રમાણ ઉપ્રાત જવુ નહી ૨૮ પ્રમાણ ઉપ્રાત જવુ નહી ૨૯ દિશાઓના ગાઉ ભેગા કરી એક દિશાએ જવુ નહી ૩૦ બાધેલ પરિમાણની શકા પડયા પછી આગળ જવુ નહી (૨૦ સાતમા વ્રતના) (૫ ભોજનના) ૩૧ જે સચેત વસ્તુનો ત્યાગ કર્યો છે તે વસ્તુ પુરેપુરી અચિત થઇ ન હોય તો ખાવી નહી ૩૨ સચિત સાથે સબધવાળી અચિત હોય તે પણ ખાવી નહી ૩૩ અધુરૂ પકવેલુ ખાવુ નહી ૩૪ અવિધીએ પકવેલ —ભડથા પ્રમુખ ખાવા નહી ૩૫ જેમા ખાવાનુ થોડુ ને નાખી દીધાનુ ઘણુ તેવી તુચ્છ વસ્તુ ખાવી નહી (૧૫ કર્માદાનના) ૩૬ ઇગાલકર્મ ૩૭ વનકર્મ ૩૮ સાડીકર્મ ૩૯ ભાડીકર્મ ૪૦ ફોડીકર્મ ૪૧ દત વાણિજ્ય ૪૨ કેશવાણિજ્ય ૪૩ રસવાણિજ્ય ૪૪ લખ વાણિજ્ય ૪૫ વિષવાણિજ્ય ૪૬ યત્ર પિડનકર્મ ૪૭ નિલછનકર્મ ૪૮ દવાગ્નિકર્મ ૪૯ શોષણકર્મ ૫૦

અસતી પોષણ (૫ આઠમા વૃતના) ૫૧ કન્દર્પ કામ વિકાર જાગે તેવી વાતો કરવી નહિ ૫૨ મુખથી કુકવાટા કરી બીવરાવવુ નહિ ૫૩ યદ્દા તદ્દા મર્મભેદક વચનો બોલવા નહિ ૫૪ હિસાકારક અધિકરણો યોજવા નહિ ૫૫ ભોગોપભોગની વસ્તુ અધિક વધારવી નહિ (૫ નવમા વૃતના) ૫૬ મણદુપ્પડિહાણે ૫૭ વયદુપ્પડિહાણે ૫૮ કાયદુપ્પડિહાણે ૫૯ સામાઇયસ્સસઇઅકરણાએ ૬૦ સામાઇયસ્સ અણવઠિયસ્સ કરણાએ (૫ દશમા વૃતના) ૬૧ આણવણાપઉગે ૬૨ પેસવણ પઉગે ૬૩ સદાણુવાએ ૬૪ રૂવાણુવાએ ૬૫ બહિયા પોગ્ગલ પખેવે (૫ અગીઆરમા વૃતના) ૬૬ અપ ,, ડિલેહિય દુપડિલેહિય સેજ્જા સથારએ ૬૭ અપમજ્જિય સેજ્જાસથારએ ૬૮ અપડિલેહિય દુપડિલેહિય ઉચ્ચાર પાસવણ ભુમિ ૬૯ અપમજ્જિય દુપમજ્જિય ઉચ્ચાર પાસવણ ભુમિ ૭૦ પોસહસ્સ સમ અણાણુ પાલવિયા (૫ બારમા વૃતના) ૭૧ સુઝતી વસ્તુ સચિત વસ્તુ ઉપર મુકવી નહિ ૭૨ સુઝતી વસ્તુ સચિત વસ્તુ ઉપર ઢાકવી નહિ ૭૩ સમય ચુકાવવો નહિ ૭૪ પોતાની વસ્તુ બીજાની કરી રાખવી નહિ, અગર સાધુ–સાધવીનો જોગ મળ્યે બીજાને હુકમ ન કરતા પોતાની જાતે વહોરાવવુ ૭૫ દાન આપીને મચ્છર ભાવ કે પશ્ચાતાપ કરવો નહિ

સાધુને ઉપમા – (૧ સર્પ સમાન) ૧ અન્ય માટે બનેલ મકાનના રહે છે ૨ વમન કીધેલ ભોગ પાછો ગ્રહણ ન કરે ૩ મોક્ષ પથમા સીધા જાય ૪ સર્પ દરમા જેમ સીધો જાય ૬ તેમ સાધુ આહારનો કોળીઓ પેટમા સીધો ઉતારે ૫ સમાગ રૂપ કાચળી ઉતારી તે પછી ગ્રહણ ન કરે ૬ દ્વેષ રૂપી કકર કાટથી ડરે ૭ લબ્ધિવંત સાધુથી દેવાદિ પણ ડરે છે (૨ પર્વત સમાન) ૮ લબ્ધિરૂપ ઔષધી ધારણ કરવાવાળા છે ૯ પરિસહ રૂપ પવનથી ડોલાયમાન ન થાય ૧૦ પશુપક્ષિ-ગરીબ શ્રીમાન સર્વ જીવોના આધારભૂત છે ૧૧ જ્ઞાનાદિ ગુણરૂપ નદીના પ્રગટ કરે ૧૨ સર્વ જીવામા ઉચ્ચ ગુણના ધારક છે ૧૩ જ્ઞાનાદિ રત્નોની ખાણ છે ૧૪ શિષ્ય શ્રાવકાદિ રૂપ વૃક્ષો–વનસ્પતિથી શોભે છે (અગ્નિ સમાન) ૧૫ જ્ઞાનાદિ ગુણરૂપ ઇધણથી તૃપ્ત નહિ થાય ૧૬ તપ તજરૂપ લબ્ધિથી દીપે ૧૭ કર્મ રૂપ કચરાને લજાવે ૧૮ મિથ્યાતરૂપ અધકારનો નાશ કરે ૧૯ ભવ્ય જીવોરૂપ સુવર્ણને ઉપદેશરૂપ તાપથી નિર્મળ કરે ૨૦ જીવ અને કર્મરૂપ, ધાતુ અને માટીને અલગ-અલગ કરે ૨૧ શિષ્ય–શ્રાવકરૂપ કાચા વર્તનને પાકો કરે (૪ સાગર સમાન) ૨૨ સમુદ્ર માફક

ગભીર હોય ૨૩ સમુદ્ર માફક જ્ઞાનરૂપ રત્નોનો આગર
હોય ૨૪ તિર્થંકરની બાંધી મર્યાદાનુ ઉલ્લઘન ન કરે
૨૫ ઉત્પાતિયાદિ બુદ્ધિરૂપી નદીઓને પોતામા સમાવે
૨૬ પાખડી આદિરૂપ મચ્છોના ખલબલાટથી ક્ષોભ
ન પામે ૨૭ કોઇ દી છલકે (જલકે) નહિ ૨૮ હૃદય
સદૈવ નિર્મળ રહે (૫ આકાશ સમાન) ૨૯ મન
સદૈવ નિર્મળ રહે ૩૦ ગૃહસ્થાદિકના આશ્રય રહિત
રહે ૩૧ જ્ઞાનાદિ સર્વ ગુણોનુ ભાજન હોય ૩૨ અપમાન
નિદારૂપ શીત તાપથી નાખુશ બને નહિ ૩૩ પરસ-
શાયરૂપ વૃષ્ટિથી પ્રફુલ્લિત થાય નહિ ૩૪ દોષરૂપ
શસ્ત્રથી ચારિત્રાદિ ગુણનુ છેદન ન કરે ૩૫ પચાચારા-
દિ અનત ગુણના ધારક હોય (૬ વૃક્ષસમાન) ૩૬
પોતે શીત—તાપાદિ પરિસહ સહન કરીને આશ્રિતોને
આશ્રય ભૂત થાય ૩૭ ભક્તિરૂપ પોષણ કરવાવાળાને
જ્ઞાનાદિ ગુણરૂપ ફળ આપે ૩૮ ચતુર ગતિમા પરિભ્ર-
મણ કરવાવાળા જીવ રૂપ પથી—મુસાફરને આધાર ભુત
થાય ૩૯ દુ ખ—નિન્દ્રારૂપ ડાળી—ડાખળા છેદવાથી ખેદ
ન પામે ૪૦ પ્રશસા રૂપ ચદન ચરચવાથી સતુષ્ટ ન
થાય ૪૧ જ્ઞાનાદિ ગુણ દઇ બદલો લેવાની ઈચ્છા નહીં
રાખે ૪૨ શીત—તાપાદિ, પ્રાણાત્ત કષ્ટની પ્રાપ્તિ થાય તો
પણ સયમ રૂપ સસ્થાન છોડે નહી (૭ મધુકર—ભ્રમર

સમાન) ૪૩ આહાર આદિ ગ્રહણ કરવામા દાતાર રૂપ કુલને દુખ દીએ નહી ૪૪ ગૃહસ્થના ઘરરૂપ પુષ્પોથી અપ્રતિબધ આહાર આદિ ગ્રહણ કરે ૪૫ ઝાઝા ઘરેથી થોડા થોડા આહાર આદિથી તૃપ્ત થાય ૪૬ આહારાદિ અધિક પ્રાપ્ત કરી સગ્રહ કરે નહી ૪૭ વિના બોલાવ્યે ઓચિંતા ભિક્ષાર્થે ગૃહસ્થને ઘેર જાય ૪૮ નિર્દોષ આહાર રૂપ કેતકીના પુષ્પ પર સતુષ્ટ રહે ૪૯ ગૃહસ્થોએ પોતા માટે બનાવેલ આહાર–પાણી ગૃહણ કરે (૮ મૃગ સમાન) ૫૦ પાપરૂપ–સિંહથી ડરતા રહે ૫૧ પાપરૂપ–સિંહના ઉલઘન કર્યા–સદોષ આહાર નહી લીએ ૫૨ રોગાદિ ઉત્પન્ન હોવાથી એક સ્થાનકે રહે ૫૩ રોગાદિ ઉત્પન્ન થયે ઔષધિ નહી કરે ૫૪ રોગાદિ ઉત્પન્ન થયે સ્વજનાદિનુ શરણ નહી ઇચ્છે ૫૫ રોગાદિ કારણથી નિવૃત્તિ થયે અપ્રતિ બધ વિહારી બને ૫૬ પ્રતિબધ રૂપ સિંહથી ડરીને એક સ્થાનકે નહી રહે (૯ પૃથ્વી સમાન) ૫૭ શીત–તાપ, છેદન–ભેદન, મલાદિ સમ ભાવે સહે ૫૮ સવેગ–વૈરાગ્યાદિ, ધન ધાનથી પ્રતિપૂર્ણ હોય ૫૯ ધર્મજ્ઞાન રૂપ બીજોત્પત્તિના કારણ ભૂત હોય ૬૦ શરીરની સભાળ કે મમત્વ નહી કરે ૬૧ પરિસહ દેનારનો પોકાર કોઇ પાસે નહીં કરે ૬૨ કલેષરૂપ કાદવ અન્યના સયોગથી

ઉત્પન્ન થાય તેનો નશ કરે ૬૩ સઘળા પ્રાણુભૂત જીવનો આધાર ભૂત હોય (૧૦ કમળ સમાન) ૬૪ કામરૂપ-કાદવ, ભોગરૂપ પાણીથી લિપ્ત નહીં થાય ૬૫ ઉપદેશ રૂપ શીતળ સુગંધથી ભવ્ય પથિકને સુખ આપે ૬૬ સાધુવેષથી અને યશ રૂપ સુગંધથી શોભિત હોય ૬૭ ઉત્તમ પુરૂષરૂપ સૂર્ય ચંદ્રથી વિકસિત થાય ૬૮ સદૈવ વિકસિત (ખુશી) રહે ૬૯ તીર્થંકરની આજ્ઞા રૂપ સૂર્યની સન્મુખ રહે ૭૦ ધર્મધ્યાન-શુકલધ્યાનથી હૃદય પવિત્ર રાખે (૧૧ સૂર્યસમાન) ૭૧ પોતાના જ્ઞાનરૂપ પ્રકાશથી સમ્યકત્વ જ્ઞાનને પ્રકાશે ૭૨ ભવ્ય જનો રૂપ કમલના વનને વિકસિત કરે ૭૩ અનાદિ મિથ્યારૂપ રાત્રીના અંધકારનો નાશ કરે ૭૪ તપ-તેજ કરી પ્રદીપ્ત રહે ૭૫ આપના ગુણના તેજથી પાખંડીઓ રૂપ તારા-ગૃહ-નક્ષત્રના તેજને છીપાવે ૭૬ ક્રોધરૂપ અગ્નિના તેજનો નાશ કરે છે ૭૭ ત્રીરત્નોના સહસ્ત્ર ગુણોરૂપી કિરણોથી ચારે તીર્થ-પરિવારમાં શોભિત રહે (૧૨ પવન સમાન) ૭૮ સ્થાન સ્વેચ્છાચારી હોયે ૭૯ અપ્રતિબંધ વિહારી હોય ૮૦ દ્રવ્યે ઉપાધિથી-ભાવે કષાયથી હલકા રહે ૮૧ અનેક દેશોમાં વિહાર કરે ૮૨ પૂણ્ય પાપરૂપ-સુગંધિ દુરભિગંધ બીજાને દર્શાવે ૮૩ કોઇના રોકયા રહે નહી ૮૪ સંવેગ વૈરાગ્ય રૂપ શિતળતાની લહેરથી વિષય-કષાય રૂપ તાપને નિવારે.

[૮૮]

૧ ગ્રહ – ૧ અંગારક ૨ વ્યાલ ૩ લોહિતાક્ષ ૪ શનૈશ્વર ૫ આહુણિક ૬ પ્રાહુણિક ૭ કણ ૮ કનક ૯ કનકનક ૧૦ કનક વિતાન ૧૧ કનક સંતાનક ૧૨ સોમ ૧૩ સહિત ૧૪ આશ્વાસન ૧૫ કજ્જોવગ ૧૬ કર્વહ ૧૭ અયસ્કર ૧૮ દુંદુભક ૧૯ શંખ ૨૦ શંખવર્ણ ૨૧ શંખવર્ણાભ ૨૨ કંસ ૨૩ કંસવર્ણ ૨૪ કંસવર્ણાભ ૨૫ રૂપી ૨૬ રૂપ્યાભાસ ૨૭ નીલ ૨૮ નીલાભાસ ૨૯ ભસ્મ ૩૦ ભસ્મરાશિ ૩૧ તિલતિલ પુષ્પવર્ણ ૩૨ તિલ પુષ્પવર્ણ ૩૩ દક ૩૪ દક પંચવર્ણ ૩૫ કાક ૩૬ કાક વંઝ ૩૭ ઇંદ્રાગ્નિ ૩૮ ધુમકેતુ ૩૯ હરિ ૪૦ પિંગલ ૪૧ બુધ ૪૨ શુક્ર ૪૩ બૃહસ્પતિ ૪૪ રાહુ ૪૫ અગસ્તિ ૪૬ માણવક ૪૭ કાસ ૪૮ સ્પર્શ ૪૯ ધુર ૫૦ પ્રમુખ ૫૧ વિકટ ૫૨ વિસંધિ ૫૩ નિયલ ૫૪ પઇલ ૫૫ જટિતાલક ૫૬ અરૂણ ૫૭ અગિલ ૫૮ કાલ ૫૯ મહાકાલ ૬૦ સ્વસ્તિક ૬૧ સૌવસ્તિક ૬૨ વર્ધમાન ૬૩ પ્રલંબ ૬૪ નિત્યલોક ૬૫ નિત્યોદ્યતિ ૬૬ સવયપ્રભ ૬૭ ઉભસ ૬૮ શ્રેયસ્કર ૬૯ ખેમકર ૭૦ આભાંકર ૭૧ પ્રભંકર ૭૨ અપરાજિ ૭૩ અરજ ૭૪ અશોક ૭૫ વિગતશોક ૭૬ વિમલ ૭૭ વિમલ વિતત ૭૮ વિત્રસ્ત ૭૯ વિશાળ ૮૦ સાલ ૮૧ સુવ્રક

૮૨ અનીવર્ત ૮૩ એકુજટી ૮૪ દ્રીજટી ૮૫ કરકરિક ૮૬ રાજગલ ૮૭ પુષ્પકેતુ ૮૮ ભાવકેતુ

(૯૧)

વૈયાવૃત્ય કર્મ પ્રતિજ્ઞા – ૧ દર્શનાદિ ગુણાધિકનો સત્કાર કરે ૨ ઉભો રહે ૩ સન્મુખ જાય ૪ સન્માન દીએ ૫ આસન દીએ ૬ હાથ જોડીને વદનાદિ કરે ૭ હાથ જોડીને સન્મુખ ઉભો રહે ૮ અનુગ્રહ ઇચ્છે આવતાની સામે જાય–પહોચાડવા જાય ૧તીર્થંકર–૨ધર્મ–૩આચાર્ય ૪વાચનાચાર્ય–૫સ્થવિર–૬કુલ–૭ગણ–૮સંઘ–૯સંજોગિક –૧૦ક્રિયાવંત–૧૧મતિજ્ઞાની–૧૨શ્રુતજ્ઞાની–૧૩અવિધજ્ઞાની –૧૪પર્યવજ્ઞાની–૧૫કેવળજ્ઞાની–૧એ પદરને અસાતના ટાળવી–૨એ પદરની ભક્તિ કરવી–૩એ પદરને બહુમાન આપવુ–૪એ પદરના ગુણાનુવાદ કરવા ૧૫×૪= ૬૦ ને ૯ ઉપરના=૬૯ (૭ લોકોપચાર વિનય) ૭૦ હિતશિક્ષા ગ્રહણ કરે ૭૧ ઇચ્છાનુસાર ચાલે ૭૨ વચન સુણી તહત કહે ૭૩ હર્ષ સહિત કાર્ય કરે ૭૪ દુખ અસાતનાની ગવેષણા કરે ૭૫ દેશ કાળને ઓળખે ૭૬ સર્વ અર્થની અનુમતિ રાખે (૧૦ નીચેના વસની વૈયાવૃત્ય કરે) ૭૭ આચાર્યની ૭૮ ઉપાધ્યાયની ૭૯ સ્થવિરની ૮૦ તપસ્વી ૮૧ રોગી ૮૨ નવદીક્ષિત ૮૩ સ્વધર્મી ૮૪ કુલ ૮૫ ગણ ૮૬ સંઘ (૫ આચાર્ય)

૮૭ પ્રવર્જ્યા ૮૮ દિગુ ૮૯ દેશ ૯૦ સમુદ્દેશ ૯૧ વાચનાચાર્ય

(૯૯)

અતીચાર – ૧૪ જ્ઞાનના (વિગત ચૌદમા અ કમા જોઇ લેવી) ૫ સમકિતના વિગત પાચમા અ કમા) ૭૫ શ્રાવકના બાર વૃતના (વિગત પચોતેરના અ કમા) ૫ સ થારાના (વિગત પાચમા અ કમા) =૯૯

[૧૦૮]

૧ નવકાર મ ત્રના ગુણા– (માળાના મણકા ૧૦૮ હોય છે) ચાર આગળીના બાર વેઢાને નવગણા કરતા ૧૦૮ થાય છે) ૧૨ અરિહ તના ગુણ (વીગત બારમા અ કમા) ૮ સિદ્ધના ગુણ (વીગત આઠમા અ કમા) ૩૬ આચાર્યના ગુણ (વીગત છત્રીશમા અ કમા) ૨૫ ઉપાધ્યાયના ગુણ (વીગત પચીશમા અ કમા) ૨૭ સાધુજીના ગુણ (વીગત સતાવીશમા અ કમા) =૧૦૮

૧ પ્રતિક્રમણમા લાગતા દોષ – ૮૫ નવાણુ અતિચારમાથી જ્ઞાનના ચૌદ અતિચાર વર્જીને બાકીના ૫ચાશી ૮ જ્ઞાનના આચાર –૧ બત્રીસ અસઝઇ રાખી વખતસર ભણવુ ૨ વિનય સહિત ભણવુ ૩ જ્ઞાનનો સત્કાર કરી ભણવુ ૪ ઉપાધ્યાન સહિત ભણવુ ૫ ઉપકારીનો ગુણ ભુલવો નહી ૬ શુદ્ધ ઉચ્ચાર સહિત ભણવુ ૭ અર્થ

સહિત ભણવુ ૮ પાઠ–અર્થ વગેરે શુદ્ધ ભણવુ ૮ સમકિતના આચાર –૧ જૈન મત વિષે શકા ન રાખવી ૨ અન્યમતની વાચ્છના ન કરવી ૩ કરણીના ફળનો સદેહ ન રાખવો ૪ અન્યમતનો આડબર દેખી મુઝાવુ નહી ૫ ઉપકારીના ગુણ દીપાવવા ૬ સમકિતથી પડતા જીવને સ્થિર કરવા ૭ ચારે તીર્થની વાચ્છલકા કરવી ૮ જૈનમાર્ગનો મહિમા નિરવધપણે પ્રકાશવો ૮ ચારિત્રના આચાર – ૩ ગુપ્તિ ૫ સમિતિ ૧૨ અવ્રત – ૫ મહાવ્રત ૫ ઇન્દ્રિયો ૧ રાત્રિભોજન ૧ મન ૩ વિર્યના આચાર –૧ ધર્મના કાર્યમા બળ ગોપાવવુ નહી ૨ ધમકાય ઉપયોગ સહિત કરવુ ૩ યથાશકિત ક્રિયા અનુષ્ટાન કરવુ =૧૦૪

[૧૭૫]

૧ ભાવના પ્રકાર – ૩૩ ઉદય–જીવોદય નિષ્પન્ન – ૪ ગતિ ૬ કાયા ૬ લેશ્યા ૪ કષાય ૩ વેદ=૨૩ ૨૪ અસજ્ઞી ૨૫ અજ્ઞાની ૨૬ મિથ્યાત્વ ૨૭ અવિરત ૨૮ આહારિક ૨૯ સસારિક ૩૦ છદમસ્ત ૩૧ સયોગી ૩૨ અકેવળી ૩૩ અસિદ્ધ

૩૦ ઉદય–અજીવોદય નિષ્પન્ન – ૫ વર્ણ ૨ ગધ ૫ રસ ૮ સ્પર્ષ ૫ શરીર ૫ શરિરના પરિણમે પુદ્ગલ

૧૧ ઓપશમિકભાવ.–૪ કષાય=૪ ૫ રાગદ્વેષ ૬ દર્શન

મોહ ૭ ચારિત્રમોહ ૮ દર્શનલબ્ધિ ૯ ચારિત્રલબ્ધિ
૧૦ છદ્મસ્ત ૧૧ વિતરાગી
૩૭ ક્ષાયિક ભાવ —૫ જ્ઞાનાવરણિય ૯ દર્શનાવર્ણીય ૨ વેદનિય
૮ મોહનીય ૪ આયુષ્ય ૨ નામ ૨ ગોત્ર ૫ અંતરાય =૩૭
૩૨ ક્ષયોપશમિક ભાવ —૪ જ્ઞાન ૪ અજ્ઞાન ૩ દર્શન
૫ ઇન્દ્રિય ૩ દ્રષ્ટિ ૫ ચારિત્ર ૫ જ્ઞાનાદિલબ્ધિ =૩૦
૩૧ બાલ વિર્ય ૩૨ પંડિત વિર્ય
૨ પરિણામી ભાવ —૧ આદિ ૨ અનાદિ=૧૪૫

(૨૦૬)

અગ્રમહિષીઓ —

૫ ચમરેન્દ્રની —૧ કાલી ૨ રાઈ ૩ રજની ૪ વિદ્યુત ૫ મેઘા
૫ બલઇન્દ્રની —૧ શુભા ૨ નિશુભા ૩ રંભા ૪ નિરંભા ૫ મદના
૫૪ અસુરેન્દ્ર છોડીને શેષ દાક્ષણ દિશાના ભવનપતિના ઇન્દ્રો —૧ ધરણેન્દ્ર— ૨ વેણુદેવેન્દ્ર— ૩ હરીકાન્તઇન્દ્ર— ૪ અગ્નિશિખરેન્દ્ર—૫ પૂર્ણેન્દ્ર—૬ જલકાન્તઇન્દ્ર—૭ અમીતેન્દ્ર —૮ વેલંવકેન્દ્ર—૯ ઘોષેન્દ્ર—એ નવની દરેકના છ છ મુજબ —તેઇન્દ્રા નામ —૧ અલા ૨ કામા ૩ સતેરા ૪ સામિની ૫ ઇન્દ્ર ૬ ઘણવિદ્યા ૯×૬=૫૪
૫૪ અસુરેન્દ્ર છોડીને ઉતર દિશાના ભવનપતિના ઇન્દ્રો — ૧ ભૂતાનંદ—૨ વેણીવાલીન્દ્ર—૩ હરીશીખરેન્દ્ર—૪ અગ્નિમાણવેન્દ્ર—૫ વિશીષ્ટેન્દ્ર—૬ જલપ્રભઇન્દ્ર—૭ અમીતવાહ

નેન્દ્ર–૮ પ્રભેજનઇન્દ્ર–૯ મહાઘોષેન્દ્ર એ નવની દરેકની છ છ મુજબ તે છના નામ –૧ રૂચા ૨ સુરૂચા ૩ વિરૂચ ૪ વિરૂતસા ૫ વિરૂચાવતી ૬ વિરૂચપ્રતા ૯×૬=૫૪

૩૨ દક્ષિણ દિશાના વાણવ્યંતરના ઇન્દ્રોની –૧ કમલા ૨ કમલપ્રભા ૩ ઉત્પલા ૪ સુદર્શના ૫ રૂપવતી ૬ બહુરૂપા ૭ સુરૂપા ૮ સુભગા ૯ પૂર્ણા ૧૦ બહુપૂર્ણે ૧૧ ઉત્તમા ૧૨ ભારિકા ૧૩ પદ્મા ૧૪ વસુમતિ ૧૫ કનકા ૧૬ કનકપ્રભા ૧૭ વતસકા ૧૮ કેતુમતી ૧૯ વશસેના ૨૦ રતિપ્રીયા ૨૧ રોહિની ૨૨ નવમિકા ૨૩ હીરી ૨૪ પુષ્પવતી ૨૫ ભુજગા ૨૬ ભૂજગવતી ૨૭ મહાકચ્છા ૨૮ સ્ફુટા ૨૯ સુઘોષા ૩૦ વિમલા ૩૧ સુસ્વરા ૩૨ સરસ્વતી

૩૨ ઉત્તર દિશાના વાણવ્યતરના ઇન્દ્રોની –નામ દક્ષિણ દિશા પ્રમાણે

૪ ચદ્રની –૧ સૂરપ્રભા ૨ આતપા ૩ અર્ચીમાલિની ૪ પ્રભકરા

૪ સૂર્યની –૧ ચદ્રપ્રભા ૨ દોષીનાભ ૩ અર્ચીમાલિની ૪ પ્રભકરા

૮ શક્રેન્દ્રની –૧ પદ્મા ૨ શૂચિ ૩ શિવા ૪ અજુ ૫ રોહિણી ૬ નવમિકા ૭ અચલા ૮ અપ્સરા

૮ ઇશાનેન્દ્રની –૧ કૃષ્ણ ૨ કૃષ્ણરાજી ૩ રામા ૪ રામરક્ષિતા ૫ વસુ ૬ વસુગુપ્તા ૭ વસુમિત્રા ૮ વસુધરા

---

૨૦૬)

(૨૪૦)

૧ ઇન્દ્રિયના ૨૩ વિષયના ૨૪૦ વિકાર

૧૨ શ્રોતેન્દ્રિયના ૩ વિષય –૧ જીવ શબ્દ ૨ અજીવ શબ્દ
૩ મિશ્ર શબ્દ એ ત્રણના ૧ શુભ ૨ અશુભ ૩×૨=૬
૧ રાગ–૨ દ્વેષ ૬×૨=૧૨

૬૦ ચક્ષુન્દ્રિયના ૫ વિષય –૧ કૃષ્ણ ૨ લીલા ૩ રક્ત ૪
પીત ૫ શુકલ એ પાચના ૧ સચિત– ૨ અચિત– ૩
મિશ્ર ૫×૩=૧૫ તેના ૧ શુભ–૨ અશુભ ૧૫×૨=૩૦
તેના ૧ રાગ–૨ દ્વેષ ૩૦×૨=૬૦

૧૨ ઘાણેન્દ્રિયના ૨ વિષય –૧ સુગધ ૨ દુગધ એ બેના ૧ સચિત
૨ અચિત ૩ મિશ્ર ૨×૩=૬ના ૧ રાગ ૨ દ્વેષ ૬×૨=૧૨

૬૦ રસેન્દ્રિયના ૫ વિષય –૧ તીક ૨ કટુ ૩ કષાય ૪ ખટ્ટા
૫ મધુર એ પાચના ૧ સચિત ૨ અચિત ૩ મિશ્ર
૫×૩=૧૫ તેના ૧ શુભ ૨ અશુભ ૧૫×૨=૩૦ તેના
૧ રાગ ૨ દ્વેષ ૩૦×૨=૬૦

૯૬ સ્પર્ષેન્દ્રિયના ૮ વિષય –૧ કર્કશ ૨ કોમલ ૩ શીત ૪
ઉષ્ણ ૫ ગુરૂ ૬ લઘુ ૭ રૂક્ષ ૮ સ્નિગ્ધ એ આઠના ૧
સચિત ૨ અચિત ૩ મિશ્ર ૮×૩=૨૪ તેના ૧ શુભ
૨ અશુભ ૨૪×૨=૪૮ તેના ૧ રાગ ૨ દ્વેષ ૪૮×૨=૯૬

૨૪૦)

(૩૬૩)

૧ પાખડી મત

૧૮૦ ક્રિયાવદીના ૧૮૦ ભેદ –૧ કાલવાદી ૨ સ્વભાવવાદી

૩ નિયતવાદી ૪ કર્મવાદી ૫ ઉદ્યમવાદી (૧ જીવ ૨ અજીવ ૩ પૂણ્ય ૪ પાપ ૫ આશ્રવ ૬ સવર ૭ નિર્જરા ૮ બધ ૯ મોક્ષ) ૯ કેટલાક કહે કે એ ૯ આપણી ઇચ્છાથી નિત્ય છે ૯ અનિત્ય છે ૯ પરની ઇચ્છાથી નિત્ય છે ૯ પરની ઇચ્છાથી અનિત્ય છે =૩૬ ૫×૩૬=૧૮૦

૮૪ અક્રિયાવાદીના ૮૪ ભેદ ૧ આપણી ઇચ્છાથી છે પરંતુ કાળથી નહી ૨ પરની ઇચ્છાથી છે પરંતુ કાળથી નહી ૩ આપણી ઇચ્છાથી છે પરંતુ સ્વભાવથી નહીં ૪ પરની ઇચ્છાથી છે પરંતુ સ્વભાવથી નહી ૫ આપણી ઇચ્છાથી છે પરંતુ નિયતથી નહી ૬ પરની ઇચ્છાથી છે પરંતુ નિયતથી નહી ૭ આપણી ઇચ્છાથી છે પરંતુ કર્મથી નહી ૮ પરની ઇચ્છાથી છે પરંતુ કર્મથી નહીં ૯ આપણી ઇચ્છાથી છે પરંતુ ઉદ્યમથી નહીં ૧૦ પરની ઇચ્છાથી છે પરંતુ ઉદ્યમથી નહી ૧૧ આપણી ઇચ્છાથી છે પરંતુ અકસ્માતથી નહીં. ૧૨ પરની ઇચ્છાથી છે પરંતુ અકસ્માતથી નહીં એ બારે ૧ જીવ ૨ અજીવ ૩ આશ્રવ ૪ સવર ૫ નિર્જરા ૬ બધ ૭ મોક્ષ ૧૨×૭=૮૪

૩૨ વિનયવાદીના ૩૨ ભેદ –૧ સૂર્ય ૨ રાજા ૩ જ્ઞાતિ ૪ સાધુ ૫ વૃદ્ધ ૬ ધર્મ ૭ માતા ૮ પિતા એ આઠને ૧ મન ૨ વચન ૩ કાયા ૪ દાન દઇ વિવેક કરે તે ૮×૪=૩૨

૬૭ અજ્ઞાનવદીના ૬૭ ભેદ -૧ કોણ જાણે સત્ય છે ૨ કોણ જાણે અસત્ય છે ૩ કોણ જાણે જીવનુ સદા સત્ય પણુ છે ૪ વાચ્યપણુ છે ૫ અવાચ્યપણુ છે ૬ સદ્‌ વાચ્યપણુ છે ૭ અસદ્‌વાચ્યપણુ છે તે ૧ જીવ ૨ અજીવ ૩ પૂણ્ય ૪ પાપ ૫ આશ્રવ ૬ સવર ૭ નિર્જરા ૮ બધ ૯ મોક્ષ ૭×૯=૬૩ ૬૪ સત્યપણુ ૬૫ અસત્યપણુ ૬૬ સદ્‌સત્યપણુ ૬૭ વાચ્યપણુ

૩૬૩

(૮૪ લાખ)

જીવાજોનીની જાત

૭ લાખ પૃથ્વીકાય ૭ લાખ અપકાય ૭ લાખ તેઉકાય ૭ લાખ વાઉકાય ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિ કાય ૧૪ લાખ સાધારણ વનસ્પતિ કાય ૨ લાખ બેઇન્દ્રિય ૨ લાખ તેઇન્દ્રિય ૨ લાખ ચૌરિન્દ્રિય ૪ લાખ તિર્યંચ પચેન્દ્રિય ૪ લાખ નરક ૪ લાખ દેવતા ૧૪ લાખ મનુષ્ય.

છેવટે -

આ ખજાનામા એકદરે ૩૫૮ વિષયો આવેલા છે. ૩૫૮નો આક લાવવામા અદ્રષ્ય ૨ શકિતએ અતરનો આશિર્વાદ ઠલવ્યો હોય એવુ મને લાગે છે કેમકે તેનો અર્થ વિચારતા-એ વાત કબુલ કરવી પડે છે જુઓ —

પ્રથમ ૩ -શ્રી ઠાણાગજીમા ૧ મનુષ્યભવ ૨ આર્યક્ષેત્ર ૩

ઉત્તમ કુળ એ ત્રણ વસ્તુની પ્રાપ્તિ દુર્લભ કહેલ છે તે મળો

બીજો ૫ –શ્રી ઠાણાગજીમા ૧ પુત્ર ૨ મિત્ર ૩ વિજ્ઞાન ૪ ધન ૫ ધાન્ય એ પાચ નિધિ કહેલ છે તે પ્રાપ્ત થાઓ

ત્રીજો ૮ –શ્રી ઉત્તરાધ્યયન સુત્રમા આઠ પ્રકારની પરભાવના કહી છે તે –

૧ સિદ્ધાતના ગુણ કથન કરી જૈનમાર્ગ દીપાવો

૨ ધર્મકથા કહી જૈનમાર્ગ દિપવો

૩ ધર્મચર્ચા કરી જૈનમાર્ગ દિપાવો

૪ ત્રણકાળના જાણકર થઇ જૈનમાર્ગ દિપાવો

૫ તપશ્ચર્યા કરી જૈનમાર્ગ દિપાવો

૬ વિદ્યાના પ્રભાવથી જૈનમાર્ગ દિપાવો

૭ સિદ્ધાતની ચમત્કારીક વાતોથી જૈનમાર્ગ દિપાવો

૮ કવિત કરી જૈનમાર્ગ દિપાવો

એ અકો ૩–૫–૮ (૩૫૮)નો અર્થ ઉપર પ્રમાણે નીકળે છે એ અદ્રષ્ય રહી શક્તિના આશીર્વાદમા મારો અતર–અવાજ ઉમેરૂ છુ ।। તથાસ્તુ ।।

પ્રથમ ખડ સમાપ્ત

Printed by
R B, Trivedi
at his
Saraswati
Press-Umreth
and published
by Virchand
Lalchand Shah
at Dhulia
(West Khandesh)